RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 314* Date: 11.09.2022, Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ગુજરાતભરમાં કોંગ્રેસનું ૪ કલાકનું બંધનું એલાન,લોકોનો મિશ્ર પ્રતિસાદ

## ક્યાંક ટાયર સળગાવાયા,ક્યાંક છમકલા તો ક્યાંક કાર્યકર્તાઓને પોલીસ ઉઠાવી ગઇ,કોંગ્રેસે બંધને સફળ ગણાવ્યું

અમદાવાદ,તા.૧૦

ગુજરાતભરમાં કોંગ્રેસ દ્વારા આજે સાંકેતિક બંધનું એલાન આપવામાં આવ્યું હતું રાજયમાં વધી રહેલી બેરોજગારી અને મોંઘવારીના વિરોધમાં કોંગ્રેસ દ્વારા આજે લોકોને સવારે ૮ થી ૧૨ સુધી બંધ રાખવા અપીલ કરવામાં આવી હતી. કોંગ્રેસના સાંકેતિક બંધને લઈને લોકોનો મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો

બંધને લઈને કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, વેપારીઓ,દુકાનદારો બંધમાં જોડાયા હતાં અને બંધને ખુબ સારો પ્રતિસાદ મળ્યો છે. જગદીશ ઠાકોરે જણાવ્યું કે, છેલ્લા ૨-૩ વર્ષથી વેપાર-રોજગાર ખતમ થઈ ગયા છે. કોરોના, નોટબંધી, લોકડાઉન અને સરકારની નિતીઓને કારણે આ વેપાર-રોજગાર ખતમ થઈ ગયા છે. અને અમે જયારે ચર્ચા કરવા બેઠા ત્યારે આખા દિવસનું બંધ આપીએ પરંતુ એવા પણ સમાચારો અને વિગતો આવી કે રોજનું લાવીને રોજનું ખાવાવાળો એક મોટો વર્ગ છે. લારી ગલ્લા, પાથરણાવાળા, ચાની લારી હોય, નાસ્તાની લારી હોય તેમને આખો દિવસ બંધ પોસાય એવું નથી. અને બંધ એ કોંગ્રેસ માટે નથી. બંધ એ રાજકારણ માટે નથી. નાના લોકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે. એમના સમર્થનમાં બંધ કરવાની વાત કરી રહ્યા છીએ. લાગી ગલ્લા અને દુકાનદોરો હેરાન થઈ રહ્યા છે એમને સમર્થન કરવા માટે બંધ કરી રહ્યા છીએ. અને પ્રજાને એને પોતાના જે મુદ્દા એ મુદ્દાઓને લઇને બંધનું એલાન આપ્યું છે અને સ્વેચ્છાએ જોડાઈ રહ્યા છે. સ્વૈચ્છીક બંધનો કાર્યક્રમ પૂરો થશે પછી અમારા જે આગામી કાર્યક્રમો આવી રહ્યા છે અને એ કાર્યક્રમોની અંદર કોંગ્રેસે આક્રામક થઈને જે કોઈપણ કામો કરવા પડશે તે કરીશું.

અમદાવાદમાં કોંગ્રેસના બંધના પગલે યુથ કોંગ્રેસ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયુ. શહેરના સીજી રોડ પર ખુલ્લી દુકાનો બંધ કરાવવા જતા પોલીસ સાથે ઘર્ષણ થયુ. જે દરમ્યાન યુથ કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખ હરપાલસિંહની ટીંગાટોળી કરી હતી.

રાજકોટમાં પણ કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા ગુજરાત બંધના એલાનની અસર જોવા મળી.. રાજકોટમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો જોડાયા અને લોકોને બંધને સમર્થન આપવા માટે અપીલ કરી હતી. બંધના પગલે શહેરની દાણાપીઠ, સોની બજાર અને યાજ્ઞિક રોડ સહિતના વિસ્તારો સ્વયંભૂ બંધ રહ્યા. શહેરના વેપારીઓએ મોંઘવારી અને બેરોજગારી માટે બંધને સમર્થન આપ્યુ છે. તો બંધ કરાવવા નિકળેલા ૧૦થી વધુ કોંગી કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત પણ કરવામાં આવી હતી.જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાની અટકાયત કરાઈ અને અમદાવાદમાં પોલીસે કોંગ્રેસના કાર્યકરોની ટીંગાટોળી કરાઈ હતી.

કોંગ્રેસ દ્વારા સરકાર સામે મોંઘવારી, મંદી, બેરોજગારી સહિતના મુદ્દે સમગ્ર ગુજરાતમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. ત્યારે તેની અસર ભરૂચમા પણ જોવા મળી. ભરૂચનો દહેજ રોડ બંધ કરવા માટે ટાયરો સળગાવ્યા હતા. વિરોધના આ કાર્યક્રમમાં જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ પરિમલસિંહ રણા, શહેર પ્રમુખ હરીશ પરમાર, પાલિકા વિપક્ષ નેતા સમસાદઅલી સૈયદ સહિતના અગ્રણીઓએ રોડ પર ઉતારી વિરોધ કર્યો હતો. તો બીજી તરફ રોડ રસ્તા પર ચક્કાજામ કરતા કોંગ્રેસના કાર્યકરોનું પોલીસ સાથે ઘર્ષણ સર્જાયું હતું. જેથી પોલીસે કોંગી અગ્રણીઓની અટકાયત કરી હતી. તો આ તરફ વિરમગામમાં કોંગ્રેસ દ્વારા દુકાનો બંધ કરાવવા જતા કોંગ્રેસ કાર્યકરો અને ધારાસભ્યની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી. કોંગ્રેસ દ્વારા મોંઘવારી અને બેરોજગારી મુદ્દે દેખાવો કરવામાં આવી રહ્યો છે. ત્યારે કોંગ્રેસના ધારાસભ્ય દ્વારા વેપારીઓને દુકાન બંધ કરવા માટે અપીલ કરવામાં આવી. ત્યારે દુકાન બંધ કરાવે તે પહેલા જ વિરમગામ પોલીસ દ્વારા કોંગી કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. તો આ તરફ ઓલપાડમાં પણ કોંગ્રેસના કાર્યકરો દ્વારા ટાઉનની મુખ્ય બજારોને બંધ કરાવવામાં આવી.. મોંઘવારી અને બેરોજગારી સહિતનાં મુદ્દે કોંગ્રેસ દ્વારા ગુજરાત બંધનું એલાન





આપવામાં આવ્યુ છે. જેને પગલે રાજયમાં કોંગ્રેસ દ્વારાનું પાલન કરવા લોકોને અપીલ કરવામાં આવી છે.સમગ્ર ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા બેરોજગારી, મોંઘવારી, મુદ્દે બંધનું એલાન આપવામાં આવ્યું છે. ત્યારે પાટણ શહેરમાં ધારાસભ્ય અને કોંગ્રેસના કાર્યકરો શહેરના બજારો બંધ કરાવવા માટે નીકળ્યા હતા. દુકાન બંધ કરાવતા કેટલીક જગ્યાએ દુકાનદારો અને કાર્યકરોમાં વચ્ચે માથાકૂટ થઈ હતી. બગોદરામાં અમદાવાદ- ભાવનગર હાઈવે પર કોંગ્રેસના કાર્યકરોએ હોબાળો કર્યો. કોંગી કાર્યકરોએ ટાયર સળગાવી હાઈવે બંધ કરી જામ કર્યો હતો. ઘટનાને પગલે પોલીસ પણ દોડતી થઈ હતી. દેશમાં મોંઘવારીનો ગ્રાફ સાતમા આસમાને પહોંચી ગયો છે. જેના કારણે લોકો દિવસેને દિવસે પરેશાન થઈ રહ્યા છે. ત્યારે કોંગ્રેસ દ્વારા સમગ્ર ગુજરાતમાં વિરોધ કરવામાં આવી રહ્યો છે.

## દેશમાં ગણપતિ વિસર્જન દરમિયાન ડૂબી જવાથી કુલ ૧૫ લોકોના મોત

નવીદિલ્હી,તા.૧૦

ગણપતિ વિસર્જન દરમિયાન દેશના અલગ-અલગ રાજ્યોમાં અનેક દુર્ઘટનાઓ બની છે. મહારાષ્ટ્ર, હરિયાણા, ઉત્તર પ્રદેશમાં ગણપતિ પ્રતિમાના વિસર્જન દરમિયાન બનેલી ઘટનાઓમાં કુલ ૧૫ લોકોના મોત થઈ ગયા છે અને બીજા અનેક લોકો ઘાયલ થયા છે. હરિયાણાના મહેન્દ્રગઢમાં ઝગરોલી કેનાલમાં ગણેશની મૂર્તિના વિસર્જન દરમિયાન આઠ લોકો ડૂબી ગયા હતા જેમાંથી ૪ના મોત થયા હતા. બીજી તરફ સોનીપતમાં યમુના નદીમાં ડૂબી જવાથી ૨ના મોત અને ૨ હજુ પણ લાપતા છે. ઉત્તર પ્રદેશના અલગ-અલગ જિલ્લામાં ૮ લોકોના મોત થયાના અહેવાલ છે. સંત કબીર નગરમાં આમી નદીમાં ગણપતિ વિસર્જન દરમિયાન ૪ બાળકો ડૂબી ગયા જે ચારેય ભાઈ-બહેન હતા. તમામ મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા છે. લલિતપુર અને ઉન્નાવમાં વિસર્જન દરમિયાન ડૂબી જવાથી ૨-૨ લોકોના મોત થયા છે.પોલીસના જણાવ્યા પ્રમાણે સંતકબીર નગરમાં ભાઈ નદીમાં ઉતર્યો તો તે ડૂબવા લાગ્યો તેને બચાવવામા ચક્કરમાં ત્રણ બહેનો પણ પાણીમાં ઉતરી ગઈ હતી. મુંબઈના પનવેલમાં ગણેશ પ્રતિમા વિસર્જન દરમિયાન જનરેટર મશીનનો તાર તૂટવાથી ૧૧ લોકોને કરંટ લાગ્યો હતો. તેમાંથી એક આઈસીયુમાં દાખલ છે. આ ઘટના પનવેલના વાડઘર વિસ્તારમાં એક વિસર્જન દરમિયાન બની હતી.હરિયાણાના મહેન્દ્રગઢ અને સોનીપતમાં ગણપતિ વિસર્જન દરમિયાન બે દુર્ઘટનાઓ બની હતી. કનીના-રેવાડી રોડ પર આવેલા ઝગડોલી ગામ પાસે કેનાલમાં ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવા ગયેલા ૯ લોકો પાણીના જોરદાર પ્રવાહમાં તણાઈ ગયા હતા. મોડી રાત્રે ૮ લોકોને કેનાલમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાંથી ૪ના મોત થયા હતા. અન્ય ૪ને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજ પ્રમાણે સોનીપતના યમુના ઘાટ પર ડૂબી જવાથી ૩ના મોત થયા હતા. મહેન્દ્રગઢમાં મૃતકોની ઓળખ ટીંકુ, આકાશ, નીતિન અને નિકુંજ તરીકે થઈ છે. તેમની ઉંમર ૧૮ થી ૨૩ વર્ષની વચ્ચે હતી. મનોજ, દીપક, સુનીલ, સંજય ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ છે.

## કર્ણાટકના શિમોગામાં ગણેશ વિસર્જન દરમિયાન ભગત સિંહ સાથે ગોડસેનો ફોટો

શિમોગા,તા.૧૦

કર્ણાટકમાં ફરી એકવાર મહાત્મા ગાંધીના હત્યારા નાથુરામ ગોડસેના પોસ્ટર લહેરાવવાનો મામલો સામે આવ્યો છે.

શુક્રવારે સામે આવેલા વીડિયોમાં એક સરઘસ કાઢવામાં આવી રહ્યું છે, કેટલાક લોકોના હાથમાં પોસ્ટર છે. તેમાં સુભાષ ચંદ બોઝ, ભગત સિંહ સિવાય નાથુરામ ગોડસેનું પોસ્ટર પણ છે. આ તસવીર સામે આવ્યા બાદ વાતાવરણ ગરમાયું છે.

મામલો કર્ણાટકના શિમોગા વિસ્તારનો છે. અહીં ગણેશ વિસર્જનની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં હિન્દુ સંગઠનો સાથે જોડાયેલા લોકો



પણ સામેલ થયા હતા. આ દરમિયાન કેટલાક લોકો સ્વાતંત્ર્ય સેનાનીઓના પોસ્ટર લહેરાતા હતા. તેમાંથી એક વ્યક્તિએ ગોડસેનું પોસ્ટર લઈ લીધું હતું. હાલ મામલો સામે આવ્યા બાદ તપાસ ચાલી રહી છે.

નોંધનીય છે કે આ પહેલા ઓગસ્ટમાં કર્ણાટકના તુમકુરમાં ગોડસેની તસવીર લગાવવાનો મામલો સામે આવ્યો હતો. સાવરકર પછી હિન્દુ સમર્થકોએ ગોડસેની તસવીરોવાળા ફલેક્સ લગાવ્યા હતા. ખરેખર, સાવરકરની તસવીરને લઈને વિરોધ થયો હતો અને શહેરમાં કેટલાક ફ્લેક્સ ફાડી નાખવામાં આવ્યા હતા. તે પછી હિંદુત્વવાદી સંગઠનોએ મધુગીરી પાસે નાથુરામ ગોડસેના ફ્લેક્સ લગાવ્યા હતા. કેટલાક પ્રો કન્નડ સંગઠનોએ આ ફ્લેક્સનો વિરોધ કર્યો હતો. બાદમાં પોલીસે તેને હટાવી લીધો હતો.

પ્રો કન્નડ કાર્યકર્તા થિમ્મારાજુએ કહ્યું હતું કે હું દેશભક્ત છું. મધુગીરી તાલુકા નજીક આવેલા દાંડુ મરિયમ્મા મંદિર પાસે કેટલાક અજાણ્યા લોકોએ ફ્લેક્સ લગાવ્યા છે.

હું તેમને દેશ બચાવવાનો સંદેશ આપવા માંગુ છું. તમે ગાંધીજીની હત્યા કરનાર ગોડસેની તસવીર મૂકી છે. શું તમે ગોડસેને હીરો બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છો? શું તે વાજબી છે? શું તમારી પાસે કોઈ શિષ્ટાચાર છે? આ ફ્લેક્સ લગાવનારાઓ સામે જરૂરી કાર્યવાહી કરવા તેમણે તાકીદ કરી હતી.

જયારે સ્વતંત્રતા દિવસ પર યુપીના મુઝફ્ફરનગરમાં વિવાદ થયો હતો. ત્યાં અખિલ ભારત હિન્દુ મહાસભાએ નાથુરામ ગોડસેની તસવીર લગાવીને શહેરમાં તિરંગા યાત્રા કાઢી હતી. આ અંગે અખિલ ભારત હિંદુ મહાસભાના નેતા યોગેન્દ્ર વર્માએ કહ્યું કે તિરંગા યાત્રામાં અનેક ક્રાંતિકારીઓની તસવીરો લેવામાં આવી હતી, તેમાં ગોડસે પણ સામેલ હતા. ગોડસે પણ ક્રાંતિકારી રહ્યા છે.

## અંબાણીની રિલાયન્સ ઈન્ફ્રાએ અદાણી સામે આર્બિટ્રેશનમાં દાવો માંડ્યો

નવી દિલ્હી,તા.૧૦

અનિલ અંબાણી ગ્રૂપની કંપની રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરે મુંબઈ પાવર ડિસ્ટ્રિબ્યુશન બિઝનેસને અદાણી ટ્રાન્સમિશનને ટ્રાન્સફર કરવા સંબંધિત ડિસેમ્બર ૨૦૧૭ના શેર ખરીદી કરારની શરતોના ભંગના સંદર્ભે વિવાદોના સંબંધમાં અદાણી જૂથ વિરુદ્ધ મુંબઈ સેન્ટર ફોર ઈન્ટરનેશનલ આર્બિટ્રેશનમાં રજૂઆત કરી છે. કંપનીએ જણાવ્યું કે, રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરે મુંબઈ સેન્ટર ફોર ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન સમક્ષ આશરે રૂ. ૧૩,૪૦૦ કરોડની રકમ માટે આર્બિટ્રેશનના દાવાઓનું



નિવેદન નોંધાવ્યું છે. સ્ટોક એક્સચેન્જોને ફાઈલિંગમાં જણાવ્યું હતુ કે, આર્થિક સૂચિતાર્થની ખાતરી કરી શકાતી નથી અને તે આર્બિટ્રેશનના અંતિમ પરિણામ અને ત્યારબાદના કાનૂની પડકારો પર આધારિત છે. રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરે આ વિવાદ અંગે કોઈ વિગતો નથી આપી.૨૦૧૭માં અદાણી જૂથે રૂ. ૧૮,૮૦૦ કરોડના સોદામાં મુંબઈ પાવર બિઝનેસ હસ્તગત કર્યો હતો જે અંતર્ગત અનિલ અંબાણીની કંપનીએ શહેરમાં તેનો ઉર્જા વ્યવસાય, ઉત્પાદન, વિતરણ અને ટ્રાન્સમિશન અદાણી ટ્રાન્સમિશનને વેચ્યું હતું.એક નિવેદનમાં જણાવ્યું હતું કે, મુંબઈ સેન્ટર ફોર ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન ભારતમાં તેના પ્રકારની પ્રથમ આર્બિટ્રેશન સંસ્થા છે જે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને કાનૂની સમુદાયો વચ્ચે સંયુક્ત પહેલમાં સ્થપાઈ છે.

## પેંશનભોગી છું,પૂર્વ સીબીઆઈ વડાએ શરત વિના માફી માંગી,કોર્ટે દંડ માફ કર્યો

નવીદિલ્હી,તા.૧૦

દિલ્હી હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ નિર્ણયમાં સીબીઆઈના પૂર્વ વચગાળાના નિર્દેશક એમ નાગેશ્વર રાવની ટ્વિટર એકાઉન્ટથી બ્લુ ટિક હટાવવા પર પડકાર આપનારી અરજી કરવાની સાથે જ તેમના પર ૨૫ હજારનો દંડ હટાવી દીધો નિવૃત આઈપીએસ અધિકારી રાવે અદાલતમાં કોઈ પણ શરત વિના માફી માંગી અને કહ્યું કે તેઓ એક પેંશનભોગી છે અને પોતાના ઓળખને સુરક્ષિત રાખવા માટે આવું કરી રહ્યાં હતાં.દંડ હટાવતા ન્યાયમૂર્તિ યશવંત વર્માએ પોતાના આદેશમાં કહ્યું કે અરજીકર્તા તરફથી શરત વિના માફી માંગવાને ધ્યાનમાં રાખતા ૧૭ મે ૨૦૨૨ના રોજ લગાવવામાં આવેલ દંડ હટાવવામાં આવે છે પોતાના ટ્વિટક એકાઉન્ટથી બ્લ્યુ ટિક હટાવવાની વિરૂધ્ધ રાવની અરજી અદાલતમાં મેમાં રદ કરી દેવામાં આવી હતી અને કહ્યું હતું કે સાત એપ્રિલને રદ કરવામાં આવેલ અરજીને ધ્યાનમાં રાખતા આ રિટ અરજી દાખલ કરવી બિલકુલ તર્કસંગત નથી

ટ્વિટર પર બ્લુ ટીકની બહાલીની માંગ કરતા રાવે પોતાની બીજી અરજીમાં તર્ક આપ્યો હતો કે ટ્વિટરની કાર્યવાહી બંધારણની વિવિધ જોગવાઈનો ભંગ છે કારણ કે આ અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનું કામ કરે છે.

અદાલતે સાત એપ્રિલે રાવને ટ્વિટર દ્વારા કોઈ પ્રતિકૂળ નિર્ણય લેવાની સ્થિતિમાં પોતાની ફરિયાદના સંબંધમાં યોગ્ય ઉપાય કરવાની છુટ આપી હતી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે અદાલતના આદેશ અનુસાર તે બ્લુ ટીક માટે ફરીથી અરજી દાખલ કરી રહ્યાં છે રાવે દાવો કર્યો હતો કે માઈક્રો બ્લોગિંગ સાઈટ ટ્વિટર પર તેમના એકાઉન્ટને બ્લુ ટિક મળી હતી.

## રાહુલ ગાંધી સારુ કામ કરી રહ્યા છે...', મેઘાલયના રાજ્યપાલ સત્યપાલ મલિકે કોંગ્રેસ નેતાની કરી પ્રશંસા

લખનૌ,તા.૧૦

મેઘાલયના રાજ્યપાલ સત્યપાલ મલિક કે જેઓ ખેડૂતોના મુદ્દાઓને લઈને છેલ્લા કેટલાક મહિનાઓથી કેન્દ્ર સરકારને ઘેરી રહ્યા છે. તે રાજ્યપાલ સત્યપાલ મલિકે હવે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના વખાણ કર્યા છે. રાહુલ ગાંધીના વખાણ કરતા રાજ્યપાલ સત્યપાલ મલિકે કહ્યુ કે તેઓ સારુ કામ કરી રહ્યા છે. તેમણે કોંગ્રેસની 'ભારત જોડો યાત્રા' પર પણ ટિપ્પણી કરી હતી. કોંગ્રેસની 'ભારત જોડો યાત્રા'નુ નેતૃત્વ રાહુલ ગાંધી કરી રહ્યા છે.

સત્ય પાલ મલિકે કહ્યુ, 'રાહુલ ગાંધી સારુ કામ કરી રહ્યા છે અને આશા છે કે કન્યાકુમારીથી કાશ્મીર સુધીની ૩,૫૭૦ કિમીની 'ભારત જોડો યાત્રા' ઘણા સારા પરિણામો આપશે.' ગુરુવારે



બુલંદશહેર જિલ્લાના મુઢી બાકાપુર ગામમાં એક કાર્યક્રમને સંબોધિત કરદ્રિજ સત્યપાલ મલિકે કહ્યુ કે રાહુલ ગાંધી સારુ કામ કરી રહ્યા છે અને તેમના પ્રયાસો માટે તેમની શુભેચ્છાઓ પણ આપી.

ઉત્તર પ્રદેશની મુલાકાત દરમિયાન આ કાર્યક્રમમાં તેમના ભાષણ વિશે પૂછવામાં આવતા સત્યપાલ મલિકે કહ્યુ, 'જો તમે તેમના(રાહુલ ગાંધી)ના પ્રયાસની પ્રશંસા કહી રહ્યા છો, તો તમે તેને મારી શુભેચ્છાઓ તરીકે લઈ શકો છો.' વળી સત્ય પાલ મલિકે કહ્યુ કે, 'મને આશા છે કે આ 'ભારત જોડો યાત્રા'ના પણ દેશ માટે કેટલાક સારા પરિણામો આવશે.' સત્યપાલ મલિક ખેડૂતોના મુદ્દે અનેકવાર જાહેરમાં કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા કરતા જોવા મળ્યા છે. પરંતુ રાહુલ ગાંધી માટે તેમની પ્રશંસા અસામાન્ય હતી.

આ પહેલા સત્યપાલ મલિકે જમ્મુ-કાશ્મીર પ્રશાસન પર આકરા પ્રહારો માટે રાહુલ ગાંધી પર જોરદાર નિશાન સાધ્યુ હતુ. સત્યપાલ મલિકે રાહુલ ગાંધી પર જૂઠું બોલવાનો આરોપ લગાવ્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

# સીટ બેલ્ટનો કાયદો માત્ર કાગળ પર જ ન રહી જાય!

*ભારતમાં મોટી સમસ્યા એ છે કે કોઈપણ નિયમ કે કાયદાનું મહત્ત્વ ત્યારે જ સમજાય છે જ્યારે કોઈ મોટી દુર્ઘટના સર્જાય છે. આપણે ત્યાં કારમાં આગળની સીટ પર બેઠેલા લોકોએ સીટ બેલ્ટ પહેરવો ફરજિયાત છે તો પાછળની સીટ પર બેસનારા લોકો માટે પણ સીટ બેલ્ટ ફરજિયાત છે. આ કારણ જ દરેક કારમાં પાછળની સીટ પર બેસનારા લોકો માટે પણ સીટ બેલ્ટ હોય છે પણ એ પહેરવો ફરજિયાત નથી એવી માન્યતાના કારણે સીટ બેલ્ટ શોભાના ગાંઠિયાની જેમ પડી રહે છે. આ ગંભીર બાબતે સરકારના જવાબદાર વિભાગ કે તેના સત્તાધીશો દ્વારા પણ ઉદાસીનતા સેવવામાં આવી છે.*

*પાંચેક દિવસ પહેલા તાતા સન્સના ભૂતપૂર્વ ચેરમેન સાયરસ મિસ્ત્રીનું કાર અકસ્માતમાં નિધન થયું. સાયરસ મિસ્ત્રી પૂરઝડપે ભાગી રહેલી કારમાં પાછળની બેઠક પર બેઠા હતાં પણ સીટ બેલ્ટ નહોતો પહેર્યો તેથી એર બેગ ના ખૂલી અને તેમનું નિધન થયું. આગળની સીટ પર બેઠેલા બન્ને લોકોએ સીટ બેલ્ટ પહેરેલો તેથી એરબેગ ખૂલી ગઈ તેમાં બચી ગયા.*

*સાયરસ મિસ્ત્રીના નિધનના પગલે કેન્દ્ર સરકારને યાદ આવ્યું કે કારમાં પાછળની સીટ પર બેઠેલા લોકો માટે પણ સીલ્ટ બેલ્ટ પહેરવો ફરજિયાત છે. આથી આ પ્રકારના અકસ્માતો અટકાવવા સરકારે બહુ મોટો નિર્ણય લેતા હોય એમ જાહેર કર્યું કે, હવેથી ગાડીમાં સવાર દરેક લોકોએ સીટ બેલ્ટ બાંધવો ફરજિયાત રહેશે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ એલાન કરી દીધું કે તમે આગળની સીટ પર બેઠા હો કે પાછળની સીટ પર બેઠા હો, હવે સીટ બેલ્ટ બાંધવો ફરજિયાત રહેશે. સીટ બેલ્ટ નહીં પહેર્યો હોય તો આકરો દંડ થશે.*

*જો કે ગડકરીની આ જાહેરાત હાસ્યાસ્પદ છે. કેમ કે આ નિયમ તો પહેલેથી જ છે. કેન્દ્રીય મોટર વાહન નિયમ (૧૯૮૯)ની કલમ ૧૩૮(૩) અનુસાર કારમાં તમામ બેઠકો પર સીટ બેલ્ટ આપવામાં આવે છે કે જે લગાવવો જરૂરી છે. ફાઈવ સીટર કારમાં પાછળ બેસતા લોકોએ સીટ બેલ્ટ પહેરવો જરૂરી છે તો ૭ સીટર કારમાં પાછળ બેઠેલા લોકોમાંથી જેમના ચહેરા સામેની બાજુ હોય તો તેમણે કાર ચાલતી હોય ત્યારે બેલ્ટ પહેરવો જરૂરી છે. આ કાયદાનું પાલન ન કરનારને દંડ પણ થાય છે.*

*૨૦૧૯માં ભારતમાં મોટર વાહન સંશોધન અધિનિયમ ૨૦૧૯માં ફેરફાર કરીને સીટ બેલ્ટ નહીં પહેરનારને દંડની રકમ રૂા. ૧૦૦થી વધારીને રૂા. ૧૦૦૦ કરાઈ હતી. આપણાં દેશમાં મોટા ભાગના લોકો સીટ બેલ્ટ બાંધવાનું ટાળે છે તેથી તેમને ખબર ના હોય એ સમજી શકાય પણ સરકારના જવાબદાર વિભાગે પણ કાયદાના ચુસ્ત પાલન માટે લોકોને ફરજ પાડી નથી. ગડકરીએ તો એવું પણ એલાન કર્યું કે નવા નિયમ અંગે ત્રણ દિવસમાં સત્તાવાર રીતે આદેશ બહાર પાડી દેવાશે. જે કાયદો પહેલેથી અમલી છે તેના અંગે નવી જાહેરાત કરવાની વાત કેટલી યોગ્ય છે?*

*જો કે સીટ બેલ્ટ ફરજિયાત અગાઉથી અમલમાં હોવા છતાંયે તે નિયમનું મોડે મોડે પણ કડક પાલન માટે સરકાર એલાન કરે તો તે પણ લોકોના ફાયદામાં જ છે. ભારતમાં વધી રહેલા અકસ્માતો અને તેના કારણે વધી રહેલા મોત જોતા લોકોની સલામતી માટે જે પણ કરાય તેને આવકારવું જોઈએ. આ વાત લોકોના ફાયદાની છે તેના કારણે થોડાંક લોકોના પણ જીવ બચતા હોય તો કહેવાતી નવી જાહેરાત લેખે લાગશે.*

*ભારતમાં વાહન અકસ્માતોની ઘટનાઓ બનતી રહેતી હોવા સાથે મોટા પ્રમાણમાં લોકો તેના કારણે મરે છે. ભારતમાં દર વર્ષે પલ્ ાાખ અકસ્માતો થાય છે અને તેમાં અંદાજે દોઢ લાખ લોકો મૃત્યુ પામે છે. તેમાં પણ ૬૫ ટકાનો તો યુવાનો હોય છે. અકસ્માતના કારણે થતાં મોતમાં ભારત મોખરે છે. ભારત પછી બીજા નંબરે ચીન છે. ચીનમાં ૫૬ હજારની આસપાસ લોકો અકસ્માતમાં મરે છે.*

*આ અકસ્માતો થવાના ઘણાં કારણો છે. તેમાં મુખ્ય કારણ કાયદાનો ડર નહીં હોવાના કારણે કરાતું બેફામ ડ્રાઈવિંગ છે. દારૂ પીને વાહન ચલાવવું, મોબાઈલ પર વાત કરતાં વાહન ચલાવવું કે સીટ બેલ્ટ ન બાંધવાના કારણે પણ મોટા પ્રમાણમાં રોડ એક્સિડન્ટ થઈ રહ્યાં છે અને તેમાં પણ ઘણાં લોકોના મોત નીપજે છે. જે લોકો આવી હરકતો કરે છે તેમને કઈ રીતે રોકવા એ મોટો સવાલ છે પણ કમ સે કમ તેમણે સીટ બેલ્ટ બાંધ્યા હોય તો મરે નહીં તેમાં મીનમેખ નથી. આ કારણે પણ આ નિયમ આવકારવા જેવો છે. જોકે આપણે ત્યાં તકલીફ એ છે કે સરકાર નિયમ બનાવી નાખે છે પણ પછી વિરોધ થતાં કે તેની રાજકીય રીતે ખરાબ અસર પડશે એવું લાગે છે એટલે પાણીમાં બેસી જાય છે.*

# ખાલિસ્તાનીઓની અલગ દેશની માંગ:કેનેડાના બ્રેમ્પટન શહેરમાં માહોલ ગરમાયો,

### શીખો ખાલિસ્તાની ધ્વજ સાથે રસ્તા પર નીકળી પડ્યા

નવીદિલ્હી,તા.૧૦

ખાલિસ્તાન લોકમતનું મતદાન ૧૮ સપ્ટેમ્બરના રોજ બ્રેમ્પટનના ગોર મીડોઝ કોમ્યુનિટી સેન્ટર ખાતે યોજાશે. આ માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલુ છે. જેના ભાગરૂપે કેનેડિયન શીખોએ ખાલિસ્તાન આંદોલનના સમર્થનમાં એક વિશાળ કાર રેલી કાઢી હતી. એક અહેવાલ મુજબ, બ્રેમ્પટન શહેર ખાલિસ્તાન લોકમતનું વિવાદાસ્પદ સ્થળ બની શકે છે.

બ્રેમ્પટનના ગોર મીડોઝ કોમ્યુનિટી સેન્ટરમાં ૧૮ સપ્ટેમ્બરના રોજ ખાલિસ્તાન લોકમત માટે મતદાન થશે. એક મતદારે શીખોને પૂછ્યું કે, શું તેઓ માને છે કે ખાલિસ્તાનના ભાગરૂપે પંજાબને પોતાનો સ્વતંત્ર દેશ બનાવવો જોઈએ, અને ભારતથી અલગ થવું જોઈએ?ગયા અઠવાડિયે, મતદાન પહેલાં બ્રેમ્પટનમાં એક કાર રેલી યોજાઈ હતી. જેમાં ૨ હજારથી વધુ વાહનો સાથે સંખ્યાબંધ લોકો જોડાયા હતા. તમામ વાહનો પર ખાલિસ્તાન આંદોલનના સમર્થનમાં ધ્વજ લહેરાતા જોવા મળ્યા હતા. આ લોકમતનું નેતૃત્વ શીખ ફોર જસ્ટિલ દ્વારા કરવામાં આવ્યું છે. જે અમેરિકામાં સ્થિત એક અલગતાવાદી જૂથ છે. આ જૂથ ભારતના રાજ્ય પંજાબને ખાલિસ્તાન રાજ્ય બનાવવાનું આહ્વાન કરે છે.ગયા વર્ષે ઓક્ટોબરમાં લોકમતમાં મતદાન શરૂ થયું હતું. જેમાં જીહ્લત્તએ યુકે, સ્વિટ્ઝર્લેન્ડ અને ઈટાલીમાં રહેતા લગભગ ૪૫૦,૦૦૦ શીખોએ તેમના મત આપ્યા છે. ભારત સરકાર દ્વારા ભારત વિરોધી પ્રવૃત્તિઓ માટે જીહ્લત્ત પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, અને જૂથના નેતા ગુરપતવંત સિંહ પન્નુનને ઉત્તરાધિકારવાદને પ્રોત્સાહન આપવા અને શીખ યુવાનોને આતંકવાદી પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવા બદલ ભારતમાં આતંકવાદી જાહેર કરવામાં આવ્યો છે.

# માનવ જીવનમાં તમામ સમસ્યાઓનું કારણ મન છે



માનવ જીવનમાં તમામ સમસ્યાઓ,દુ:ખો અને તકલીફોનું પ્રમુખ કારણ મન છે કારણ કે મનુષ્યની તમામ ઈન્દ્રિયોમાં મન જ મુખ્ય છે.આમ તો કર્મ કરવા માટે પાંચ કર્મેન્દ્રિયો(હાથ પગ મુખ ગુદા અને ઉપસ્થ) તથા કોઇ પણ જાણકારી મેળવવા પાંચ જ્ઞાનેન્દ્રિયો(આંખ કાન નાક જીભ અને ત્વચા) આપવામાં આવેલ છે પરંતુ કોઇપણ કર્મેન્દ્રિય કે જ્ઞાનેન્દ્રિય મનના આદેશ વિના કામ કરી શકતી નથી.ક્યારેક એવું બને છે કે કોઇ વ્યક્તિ અમારી નજરની સામે જ પસાર થાય તેમ છતાં અમે તેને જોઇ શકતા નથી.કોઇ વ્યક્તિ અમોને બોલાવે છે તેમ છતાં અમે સાંભળતા નથી ત્યારે અમોને પૂછવામાં આવે તો અમો કહીએ છીએ કે મેં તે વ્યક્તિને જોયો જ નથી કે મેં તેની બૂમ સાંભળી જ નથી,આનું કારણ એ છે કે આંખો દ્વારા જોવા છતાં તથા કાનો દ્વારા સાંભળવા છતાં અમારૂં ધ્યાન અન્યત્ર હોવાના કારણે જોઇ કે સાંભળી શકતા નથી.આનો અર્થ એ થયો કે મન જ જુવે છે અને મન જ સાંભળે છે,ઈન્દ્રિયો તો નિમિત્તમાત્ર છે.માનવ શરીરમાં મન જ સમ્રાટ છે.શરીરના તમામ અવયવો મનના ઈશારે જ કામ કરે છે.

એકવાર એક વ્યક્તિ પૂજા કરી રહ્યો હતો.તેના હાથમાં માળા ફરી રહી હતી.જીભથી પ્રભુ નામનો જપ થઇ રહ્યો હતો.તેની બિલ્કુલ સામે તેના ફાટેલા બૂટ પડ્યા હતા,રસોડામાં તેની પૂત્રી રસોઇ બનાવી રહી હતી કે જે બ્રહ્મજ્ઞાની હતી,તે જ સમયે તેના પિતાશ્રીને મળવા કોઇ મહેમાન આવે છે અને તેના પિતાશ્રીના વિશે પૂછતાં પૂત્રીએ જવાબ આપ્યો કે મારા પિતાશ્રી તો ઘેર નથી તેઓ મોચીને ત્યાં તેમના ફાટેલા બૂટ રીપેર કરાવવા માટે ગયા છે.તે મહેમાનના ગયા બાદ પૂજા પુરી થતાં તેના પિતાશ્રી ગુસ્સામાં આવી પૂત્રીને કહે છે કે તૂં જુઠું કેમ બોલી? હું તો પૂજાખંડમાં પૂજા કરી રહ્યો હતો.પૂત્રીએ નમ્રતાપૂર્વક જવાબ આપ્યોં કે પિતાશ્રી..આપનું શરીર ભલે પૂજાખંડમાં હતું પરંતુ આપનું મન ફાટી ગયેલા બૂટને રીપેર કરાવવા મોચીને ત્યાં ગયું હતું તો પછી હું જુઠું ક્યાં બોલી? એટલે જ કબીરજીએ લખ્યું છે કે માલા તો કરમેં ફિરે જીભ ફિરે મુખ માંહી,મનુઆ તો દશો દિશામેં ફિરે યહ તો સુમિરણ નાહીં..માલા ફેરત જુગ ભયા ગયા ન મનકા ફેર,કરકા મનકા ડારી દે મનકા મણકા ફેર..

મનનો સ્વભાવ છે અવગુણોની તરફ દોડવું.કોઇની નિન્દા કરવાની હોય,કોઇને નુકશાન થાય તેવી યોજના બનાવવાની હોય,વ્યભિચારની વાતો થતી હોય ત્યાં મન ઘણું જ રસપૂર્વક સાંભળતું હોય છે એટલે જ તો લોકો પોતાની પ્રસંશા કરવામાં અને સાંભળવામાં,બીજાના અવગુણોની ચર્ચા કરવામાં,ગપ્પાં મારવામાં,પોતાની મહત્તા વધારવામાં વ્યસ્ત જોવા મળે છે પરંતુ જો સત્સંગમાં જવાનું હોય,પ્રભુની ચર્ચા કરવાની હોય તો તેમની પાસે સમય હોતો નથી.મનની આ જ મૂઢતા છે કે પ્રભુ ભક્તિને છોડીને અસ્થાયી અને નિમ્ન કોટીના કામોમાં આનંદ પ્રાપ્ત કરવા ઇચ્છે છે.

મન જ પ્રાણીઓના ભવિષ્યનું નિર્માણ કરે છે.આશા ત્યાં વાસા અને સૂરતા ત્યાં મૂકામ..મૃત્યુના સમયે મન જેમાં લાગે છે તેવી જ ગતિ થાય છે.સારૂં કર્મ હોય કે ખરાબ કર્મ હોય, જેમાં મન લાગી જાય છે તે બંધનનું કારણ બને છે.જો મનને વશ કરી લેવામાં આવે તો વ્યક્તિ બંધનમુક્ત થઇ જાય છે એટલે કે મોક્ષને પ્રાપ્ત થઇ શકે છે તેના માટે ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂ પરમાત્માના ચરણકમળમાં ધ્યાન લગાવવાની આવશ્યકતા છે.મન ક્યારેક શાંત તો ક્યારેક અશાંત રહે છે.પરિસ્થિતિ અનુકૂળ અને પ્રતિકૂળ બંન્ને અસ્થાયી છે.જે અનુકૂળતાની રાહ જુવે છે તે સામાન્ય માનવ કહેવાય છે.જે પ્રતિકૂળતાને અનુકૂળ બનાવવાની હિંમત રાખે છે તે મહાન કહેવાય છે.ક્ષણભંગુર જીવનમાં અનુકૂળતા આવવાની રાહ જોયા વિના જે પ્રાપ્ત થયેલ છે તેનો ઉપયોગ કરવો પડતો હોય છે અને આવી જ રીતે જીવનચક્ર ચાલતું રહે છે. અમે જ્યાં સુધી જાગીએ છીએ ત્યાં સુધી લગભગ દોડતા જ રહીએ છીએ.દુનિયાના તમામ માનવો ભૌતિક પદાર્થો ભેગા કરવાની પ્રતિયોગિતામાં દોડી રહ્યા છે,તેમની દૃષ્ટિ પોતાનાથી આગળ વધી રહેલાઓની ઉપર હોય છે અને તેઓ વિચારતા હોય છે કે હું તેનાથી કેવી રીતે આગળ નીકળું..?

સુતી વખતે લગભગ આપણે શાંત હોઇએ છીએ પરંતુ દરેક સૂતેલો વ્યક્તિ શાંત જ હોય છે તેવો દાવો કરી શકાતો નથી.જેમ જાગવાવાળાઓની દુનિયા છે તેવી જ રીતે ઉંઘવાવાળાઓની પણ દુનિયા હોય છે.જયારે સ્વપ્ન પ્રતિકૂળ હોય છે તો બિસ્તર ગમે તેટલો નરમ કેમ ના હોય..મન અશાંત જ રહે છે. જાગનાર પણ અશાંત અને ઉંઘનાર પણ અશાંત ! તો પછી શાંતિ ક્યાંથી મળે? નવજાત બાળકથી માંડીને વૃદ્ધાવસ્થાએ પહોચેલા તમામ શાંતિની શોધ કરી રહ્યા છે.આ બંન્નેને પોતપોતાના કારણો છે.નવજાત શિશુને હજુ ભાવિ જીવન જીવવાનું છે એટલે તેમની ઉપલબ્ધિઓનો કટોરો ખાલી છે.વૃદ્ધ જીવન જીવી ચુક્યા છે પરંતુ પામવું ( ) અને ખોવું (-) તેનું પરીણામ શૂન્ય છે.ગણિતના આ ખેલમાં એકનો અનિશ્ચય અને બીજાના જીવનમાં નિરાશા છે.જે કાલે રડી રહ્યો હતો તે આજે પણ રડી રહ્યો છે.રડવું એ તથ્યનું પરીયાચક છે કે બંન્નેને શાંતિ મળી નથી...!

સદીઓથી બુદ્ધિજીવીઓ ચિન્તન કરી રહ્યા છે,વક્તા ભાષણ આપી રહ્યા છે,મોટા મોટા સંમેલનો,મોટી મોટી જાહેર ખબરો..આ બધું અવિરતપણે ચાલી રહ્યું છે તેમ છતાં શાંતિ મળતી નથી.આ બહું મોટી સમસ્યા છે.તમામ સમસ્યાઓ મનની છે.મનને ઠેકાણું જોઇએ.ચિંતન મનન ભાષણ સંમેલન..તમામ મુબારક છે કે જો મન આત્માને આધિન હોય..

મન અને આત્મા જીવનરૂપી વૃક્ષ ઉપર બેઠેલા બે પક્ષીઓ છે.તફાવત એટલો છે કે મન ફળ ખાવાની ઇચ્છા રાખ્યા કરે છે અને આત્મા ફળની ઇચ્છાથી રહીત હોય છે.આત્માની ઇચ્છા છે પરમાત્મા કે જે આત્માનું મૂળ સ્વરૂપ છે.આત્મા પરમાત્માની સાથે જોડાઇ જાય તો પરમશાંત થઇ જાય છે.આ અવસ્થામાં મન આત્માની આધિનતા સ્વીકારી લે તો મન પણ શાંત બની જાય છે.સમસ્યા અંદરની છે તો સમાધાન પણ અંદરથી જ કરવું પડશે.સમાધાન એક જ છે કે આત્માનું પરમાત્માની સાથે મિલન.આ જ આધ્યાત્મિકતાનું શિખર છે.વિશ્વના દરેક મનુષ્યનો આત્મા પરમાત્માની સાથે જોડાઇ જાય તો જ વિશ્વ શાંતિ સંભવ છે.શાંતિ જોઇએ તો આ કદમ ઉપાડવું જ પડશે..તો આવો આપણે સૌ આગળ વધીએ.

અમારા અંત:કરણ ચતુષ્ટ્યના ચાર ભાગ છે:મન બુદ્ધિ ચિત્ત અને અહંકાર.મનમાં સંકલ્પ-વિકલ્પ થાય છે.ચિત્ત તેના ઉપર ચિન્તન કરે છે,ત્યારબાદ બુદ્ધિ તેના સબંધમાં નિર્ણય કરે છે.અહંકારથી કતૃત્વભાવ ઉત્પન્ન થાય છે.આમ મન અમારા સંકલ્પ-વિકલ્પોનું ઉદગમ સ્થાન છે.મન અમારી ઈન્દ્રિયોનું પ્રેરક તથા નિયંત્રક છે.મનને કેન્દ્રિત કર્યા સિવાય કોઇપણ કાર્ય સંપૂર્ણપણે સંપાદન થઇ શકતું નથી.અમે જે કંઇ શુભ-અશુભ કર્મ કરીએ છીએ તેની રૂપરેખા પ્રથમ અમારા મનમાં જ બને છે અને તે મુજબ જ અમારી કર્મેન્દ્રિયો તેને કાર્યાન્વિત કરે છે.આમ અમારા તમામ શુભ-અશુભ કર્મોનું પ્રધાન કારણ અમારૂં મન જ છે.

ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કે મન એવમ મનુષ્યાણામ બંધન કારણ મોક્ષયો..મન જ અમારા બંધન અને મોક્ષનું કારણ છે.આ સિવાય અમારા જીવનમાં સફળતા અને નિષ્ફળતાઓમાં પણ અમારૂં મનોબળનું મહત્વપૂર્ણ યોગદાન હોય છે.મનમાં ઉત્સાહ હોય તો કઠીન કાર્ય પણ સુગમતાપૂર્વક સંપન્ન થાય છે પરંતુ ઉત્સાહહીન અધૂરા મનથી કરેલ કાર્યમાં અસફળતા જ મળે છે એટલે વિજય-પરાજયનું કારણ પણ અમારૂં મનોબળ છે.મનની આ ચંચળતાનું કારણ મનનો વિષય ઈન્દ્રિયોની સાથેનો સંયોગ છે.ઈન્દ્રિયો વિષયોના સંયોગથી મનને પોતાનું અનુગામી બનાવી લઇ મનને સ્થિર થવા દેતું નથી.જો કે મનને ઈન્દ્રિયોથી શ્રેષ્ઠ,સબળ અને સુક્ષ્મ કહેવામાં આવ્યું છે.શ્રીમદ્ ભગવદગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ્ કહે છે કે:“ઈન્દ્રિયોને સ્થૂળ શરીર કરતાં પર (શ્રેષ્ઠ સબળ પ્રકાશક વ્યાપક તેમજ સૂક્ષ્મ) કહે છે.ઈન્દ્રિયોથી પર મન છે.મનથી પર બુદ્ધિ છે અને જે બુદ્ધિથી પણ પર છે તે કામ છે.’’(ગીતા:૩/૪૨) સ્થૂળ શરીર વિષય છે.ઈન્દ્રિયો બહિ:કરણ છે અને મન બુદ્ધિ અંતઃકરણ છે.સ્થૂળ શરીરથી ઈન્દ્રિયો પર છે તથા ઈન્દ્રિયોથી પર બુદ્ધિ છે.બુદ્ધિથી પર અહંકાર છે જે કર્તા છે.આ અહં(કર્તા)માં કામ એટલે કે લૌકીક ઇચ્છા રહે છે.સાધકના હૃદયમાં રહેલી તમામ કામનાઓ જયારે સમુળગી નષ્ટ. થઇ જાય છે ત્યારે મરણધર્મી મનુષ્ય અમર થઇ જાય છે અને અહી મનુષ્ય શરીરમાં જ બ્રહ્મનો સારી રીતે અનુભવ કરી લે છે.જે સમયે મનુષ્ય પોતાના મનમાં રહેવાવાળી તમામ કામનાઓનો પરીત્યાગ કરી દે છે તે જ સમયે તે ભગવત્સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે.

શ્રીમદ્ ગીતાના છઠ્ઠા અધ્યાયમાં અર્જુને ભગવાનને પોતાની વિવશતા વ્યક્ત કરતાં કહ્યું કે: “હે મધુસૂદન..! આપે સમતાયુક્ત જે યોગનો ઉપદેશ આપ્યો છે તે મનની ચંચળતાના કારણે યોગની સ્થિર સ્થિતિ જોતો નથી.’’ (ગીતા:૬/૩૪) સાંસારીક પદાર્થોની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં ચિત્તની સમતા રહેવી જોઈએ. આ સમતાથી મનુષ્યનું કલ્યાણ થાય છે.જ્યાં સુધી મનની ચંચળતા દૂર થાય નહી ત્યાં સુધી ધ્યાનયોગ સિદ્ધ થતો નથી અને ધ્યાનયોગ સિદ્ધ થયા વિના સમતાની પ્રાપ્તિ થતી નથી.અર્જુનના આ કથનની સહમતી વ્યક્ત કરતાં ભગવાન શ્રી કૃષ્ણ જીએ મનોનિગ્રહના બે ઉપાય બતાવતાં કહ્યું કે: “આ મન ઘણું જ ચંચળ છે તેમજ મુશ્કેલીથી વશ થનારૂં છે.આ તારૂં કહેવું બિલ્કુલ બરાબર છે છતાં પણ એ અભ્યાસ અને વૈરાગ્ય વડે વશમાં થાય છે.’’(ગીતા:૬/૩૫)

મનને વારંવાર ધ્યેયમાં લગાડવાને અભ્યાસ કહે છે.આ અભ્યાસની સિદ્ધિ નિરંતર સમય આપવાથી થાય છે.સમય પણ દરરોજ કાઢવો જોઇએ.ક્યારેક અભ્યાસ કર્યો અને ક્યારેક ન કર્યો આમ ન કરવું. અભ્યાસના બે પ્રકાર છે:(૧) પોતાનું જે લક્ષ્ય કે ધ્યેય છે તેમાં મનોવૃત્તિ લગાડવી અને બીજી વૃત્તિ આવી જાય એટલે કે બીજું ચિન્તન આવી જાય તેની ઉપેક્ષા કરી દેવી,તેનાથી ઉદાસીન થઇ જવું. (૨) જ્યાં જ્યાં મન ચાલ્યું જાય ત્યાં ત્યાં પોતાના લક્ષ્ય પરમાત્માને જ જોવા, અભ્યાસની અંદર સ્વાધ્યાય ધ્યાન સેવા સુમિરણ સત્સંગ વગેરે સાધન આવે છે.ધાર્મિક સદગ્રંન્થોનું અધ્યયન કરવું તથા ચિંતન મનન કરવાનો અભ્યાસ કરવો.ત્યારબાદ તે અનુસાર ધ્યાન કરવાનો તથા નામ સુમિરણ કરવાનો અભ્યાસ કરવો.મનની પ્રવૃત્તિ વિષયોન્મુખ હોય છે તેથી મનને વિષયોમાંથી હટાવીને ઈશ્વરોન્મુખ કરવું.મનને પરમાત્મામાં લગાડવું એ અભ્યાસ છે.

વિનોદભાઇ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# શ્રાદ્ધનો મહિમા



દર વર્ષે ભાદરવા મહિનામાં શ્રાદ્ધ પક્ષ આવે છે. શ્રાદ્ધ પક્ષને શરાદીયાં અથવા પિતૃપક્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે. જેમનાં પિતૃઓ કૈલાસવાસી થયાં હોય, એ સહુનાં આત્માની શાંતિ માટે,આ માસમાં પૂજાવિધિ, શ્રાદ્ધ, તર્પણ, દાન પુણ્ય, ધર્મકાર્ય, તથા પિંડદાન વિગેરે વિધિવત કરવામાં આવે છે.એવું કહેવાય છે કે, પિતૃઓ દર મહિને સુક્ષ્મ સ્વરૂપે, પોતાના સંતાનો પાસે પિંડદાન લેવા માટે આવે છે, પરંતુ શ્રાદ્ધ પક્ષમાં તો પિતૃઓ અચૂક પિંડદાન લેવા માટે આવે છે, એવું આપણાં શાસ્ત્રોમાં તથા ધાર્મિક પુસ્તકોમાં લખેલું છે. શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓ પિંડદાન લઈને તૃપ્ત થાય છે અને પોતાનાં સંતાનોને આશીર્વાદ આપે છે. ×શ્રાદ્ધ એટલે મન, વચન તથા શ્રદ્ધાપૂર્વક, પોતાનાં પિતૃઓની તૃપ્તિ અને શાંતિ માટે કરવામાં આવતું શુભકામ×. ઘણાં લોકોની માન્યતા એવી પણ છે કે કોઈ કારણસર પોતાનાં પિતૃઓની દુર્ગતિ થઈ હોય તો શ્રાદ્ધ પક્ષમાં ભક્તિભાવપૂર્વક અને શ્રદ્ધાથી એમનાં પિતૃઓનું શ્રાદ્ધ, પિંડદાન કે તર્પણ કરવામાં આવે તો એમનાં પિતૃઓની સદગતિ થાય છે.શ્રાદ્ધ કુલ ૧૫ દિવસનાં હોય છે. ભાદરવા વદ એકમથી લઈને ભાદરવા વદ અમાસ સુધીના સમયને શ્રાદ્ધ પક્ષ, શ્રાદ્ધ કે શરાધિયાં કહેવામાં આવે છે.શ્રાદ્ધ અલગ અલગ પ્રકારનાં હોય છે, જેમકે નાંદી શ્રાદ્ધ, જેમનાં સંતાનો બાલ્યાવસ્થામાં શ્રીજી ચરણ પામ્યા હોય તેઓનાં આત્માની શાંતિ માટે બાલાભોલાનું શ્રાદ્ધ, નોમના શ્રાદ્ધને ડોશીઓનાં નોમનું શ્રાદ્ધ કહેવામાં આવે છે. આ ઉપરાંત, પાંચમના શ્રાદ્ધને ભરણી શ્રાદ્ધ, છઠ્ઠના શ્રાદ્ધને કૃતિકા શ્રાદ્ધ કહેવામાં આવે છે.બારસના શ્રાદ્ધને સંન્યાસીઓના શ્રાદ્ધ તરીકે ઓળખવામાં આવે છે. તેરસના શ્રાદ્ધને મઘા શ્રાદ્ધ કહેવામાં આવે છે. અકસ્માત કે અસ્ત્ર શસ્ત્રથી મૃત્યું પામેલાઓ માટે ચૌદશનું શ્રાદ્ધ અને છેલ્લે જાણે અજાણે કે ભુલેચૂકે કોઈના પણ પિતૃઓનું શ્રાદ્ધ કરવાનું નથી રહી ગયું હોય તો તેમને માટે સર્વપિતૃ અમાવસનું શ્રાદ્ધ કરવામાં આવે છે. શ્રાદ્ધ પક્ષમાં લોકો પોતાનાં પિતૃઓની મનપસંદ રસોઈ બનાવે છે, પરંતુ ખાસ કરીને ખીર, દૂધપાક, પુરી તથા ભજિયાં વિશેષ પ્રમાણમાં બનાવે છે. જેમનાં ઘરે પોતાના પિતૃઓનું શ્રાદ્ધ હોય તે દિવસે ઘરનાં સભ્યો વ્હેલા ઉઠી નાહી પરવારીને પૂજાપાઠ કરે છે અને તૈયાર થયેલ રસોઈમાંથી એક વાટકી કે ડીશ માં બધી રસોઈ થોડી થોડી મૂકીને અગાસી કે ધાબા ઉપર જઈને ×કાગવાસ કાગવાસ× એમ બોલીને વાસ નાંખે છે અને કાગડાઓ આવીને આ વાસ આરોગે છે. લોકોની દૃઢ માન્યતા છે કે કાગડાના માધ્યમ થકી, શ્રાદ્ધ પક્ષમાં નાંખેલી વાસ એમનાં પિતૃઓ સુધી પહોંચે છે અને પિતૃઓ તૃપ્ત થઈને આશિષ આપે છે.હકીકતમાં આ કુદરતનો કરિશ્મા છે, કારણકે સામાન્ય દિવસોમાં આપણે સૌ કાગડાને અપશુકનિયાળ પક્ષી ગણીને ધિક્કારીએ છીએ અને તેનો કર્કશ અવાજ પણ આપણાંને બેચેન બનાવે છે. ખરેખર તો કાગડો એ કુદરતનો સફાઈ સેવક છે. આખું વર્ષ કાગડો માનવ વસ્તીની ગંદકી સાફ કરીને, વધેલું ઘટેલું કે એંઠવાડ આરોગીને ગંદકી, કોહવાટ કે સડો થતો અટકાવે છે. મરેલાં પશુ પક્ષીઓનાં મૃતદેહને પણ કાગડાઓ ફોલીને ખાઈ જાય છે. આમ આડકતરી રીતે કાગડાઓ સફાઈ કામ અને પર્યાવરણની જાળવણીમાં મદદરૂપ બને છે.કાગડાઓના ગુરૂ શ્રી કાકભુસુંડીજી એ ભગવાન સાથે બહુ તાર્કિક દલીલો કરી અને જણાવ્યું કે મારા હાથ નીચેની કાગસેનાને પણ ક્યારેક તો સારી વસ્તુ ખાવાનાં અભરખા જાગે કે નહીં? કાકભુસુંડીની દલીલોથી રાજી થઈને ભગવાને જણાવ્યું કે મને તમારી કાગસેના આખું વર્ષ પર્યાવરણ જાળવવામાં આડકતરી રીતે મદદરૂપ થાય છે એના ફળસ્વરૂપે,દર વર્ષે ભાદરવા મહિનામાં શ્રાદ્ધ પક્ષમાં પંદર દિવસ સુધી, જે માનવ સમૂદાય કાગસેનાને ધિક્કારે છે એજ માનવ સમૂદાય હોંશે હોંશે તમારી કાગસેનાને સામે ચાલીને અને આવાહન આપીને કાગવાસના રૂપમાં સારી સારી વાનગીઓ જમાડશે. માટે દર વર્ષે આપણે શ્રાદ્ધ પક્ષમાં આપણાં પિતૃઓનાં આત્માની શાંતિ માટે કાગવાસ નાંખીએ છીએ.આમ કુદરતે મનુષ્યને હાથો બનાવીને, કાગસેનાને વર્ષમાં એક વખત સારૂં જમવાનું મળી રહે એવી વ્યવસ્થા કરીને કાગડાઓ પ્રત્યેનું ઋણ ચૂકવી દીધું છે.ભગવાન રામચંદ્રે પણ વનવાસ દરમિયાન એમના મૃત પિતા રાજા દશરથનું શ્રાદ્ધ કર્યું હતું. મુનિશ્રેષ્ઠ પરશુરામે પણ એમના દિવંગત પિતા શ્રી જમદગ્નિ મુનિના આત્માની શાંતિ માટે શ્રાદ્ધ કર્યાના દાખલા શાસ્ત્રોમાં ઉપલબ્ધ છે.આમ શ્રાદ્ધ કરવાની પરંપરા વર્ષો પુરાણી છે. સામાન્ય રીતે શ્રાદ્ધ નદીના કિનારે અથવા ત્રિવેણી સંગમ પાસે કરવાનો અનેરો મહિમા છે.માતાનું શ્રાદ્ધ ગુજરાતમાં આવેલા સિદ્ધપુર ખાતે તથા પિતાનું શ્રાદ્ધ બિહારમાં આવેલા ગયાજીમાં કરવાનો અનોખો મહિમા છે.આ ઉપરાંત નર્મદા કિનારે (ચાણોદ), કરનાળી ખાતે, કાશી, હરિદ્વારમાં ગંગા કિનારે, રાજસ્થાનમાં પુષ્કર ખાતે, કચ્છમાં નારાયણ સરોવર ખાતે, મથુરામાં યમુના કિનારે વિશ્રામ ઘાટ ખાતે શ્રાદ્ધ કરવાથી પિતૃઓના આતમને પરમ શાંતિ પ્રાપ્ત થાય છે. માત પિતા કે વડીલોનું શ્રાદ્ધ કરવું એ દરેક સંતાનોની ફરજમાં આવે છે. શ્રાદ્ધ પક્ષમાં કોઈ શુભ કાર્ય થઈ શકતું નથી. શ્રાદ્ધ પક્ષમાં ડુંગળી તથા લસણ જેવા તામસી ગુણધર્મ ધરાવતા કંદમૂળ ખાવા ઉપર નિષેધ છે. શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓના આશીર્વાદ લેવા માટે પિતૃઓનું ભક્તિભાવપૂર્વક આવાહન કરી એમનું શ્રાદ્ધ, તર્પણ અને પિંડદાન કરી બ્રાહ્મણોને જમાડી દાન દક્ષિણા આપવી જોઈએ.પિતૃઓની છબી સમક્ષ ધૂપ, દીપ અને અગરબત્તી કરી પ્રાર્થનાપૂર્વક નમસ્કાર કરવા જોઈએ.ટૂંકમાં શ્રાદ્ધ એટલે મન, વચન તથા શ્રદ્ધાપૂર્વક પોતાનાં પિતૃઓના આત્માની શાંતિ માટે કરવામાં આવતું કામ.

યોગેશભાઈ આર જોશી
હાલોલ: ૩૮૯ ૩૫૦,
જી.પંચમહાલ.
મો.નં:
૯૮૭૯૦૫૬૬૩૬
ઈ-મેઈલ
joshiyogesh10164@gmail.com

# શ્રાદ્ધની સમજ

આ સૃષ્ટિ એટલે કે પૂરા બ્રહ્માંડને ૧૨ રાશિથી બાંધ્યું છે. તેમાં મેષ રાશિને સમગ્ર વિશ્વનું પ્રવેશદ્વાર માનવામાં આવે છે અને તેજ પ્રમાણે મીન રાશિ મોક્ષનું દ્વાર માનવામાં આવે છે.

આ મીન રાશિ બ્રહ્મલોક કે દેવલોક સાથે જોડાયેલી છે જ્યારે કન્યા રાશિ પિતૃલોક કે ચંદ્રલોક સાથે જોડાયેલી છે

હવે ખગોળ શાસ્ત્રના આધારે ૧૫ જુલાઈ પછી સૂર્યદેવતાની દક્ષિણયાત્રાની શરૂઆત થાય છે જેને આપણે દક્ષિણાયણના સૂર્ય કહીયે છીએ.

આ દક્ષિણાયનના સૂર્ય ધીમે ધીમે કન્યા રાશિ અને તુલા રાશિ તરફ જાય છે અને ત્યાં પિતૃલોકને જગાડે છે.

આ દક્ષિણાયનના સૂર્યની યાત્રા ૧૫ સપ્ટેમ્બર પછી કન્યા રાશિમાં પ્રવેશે છે ત્યારે પાતાળલોકમાં રહેલા પ્રેતયોનીને જાગ્રત કરે છે.

હવે સમજવાની વાત એ છે કે સંસારમાં મૃત આત્માની ગતિ બે રીતની હોય છે.

જેઓ સંતકક્ષાના અને પુણ્યશાળી જીવો હોય તેઓ મરણ બાદ દેવયોનિ તરફ ગતિ કરે છે અને અતૃપ્ત આત્મા પ્રેતયોનિ તરફ ગતિ કરે છે. દેવયોનિનો સીધો સંબંધ સૂર્ય સાથે હોય છે અને પ્રેતયાોનિનો સબંધ ચંદ્ર સાથે હોય છે ચંદ્ર સૂક્ષ્મ જગતને સંભાળે છે અને તેથી ચંદ્રલોકને પિતૃલોક પણ કહેવાય છે.

શાસ્ત્રમાં વર્ણવ્યા મુજબ ચંદ્રની ૧૬ કળા છે આ ૧૬ કળા આપણા હિન્દૂ પંચાગની ૧૬ તિથિ સાથે જોડાયેલી છે પુનમથી અમાસ ૧૬ તિથિ હોય છે તેમ સુદ અને વદ ની તમામ તિથિઓ રિપીટ થાય છે.

આમ મૃત્યુ પછી આત્મા જે તિથિએ મરણ પામે તે મુજબ ચંદ્રની કળામાં સ્થાન પામે છે. એકમનું મરણ થયું હોય તે પહેલી કળામાં તે મુજબ જે પણ તિથિએ મરણ પામે તે ચંદ્રની કળા માં સ્થાન પામે છે.

જ્યારે સૂર્ય કન્યા રાશિમાં આવે છે ત્યારે ભાદરવા સુદ પૂનમ આવી જાય છે અને તે ચંદ્રલોકમાં પિતૃઓને જગાડે છે. તે સમયે ચંદ્રની ૧૫મી કળાના દ્વાર ઉઘડી જાય છે અને તેમાં રહેલા પિતૃ પૃથ્વી પરના તેમના સંબંધીને ત્યાં જઈ શકે તેવી વ્યવસ્થા છે. આમ પુનમથી પછી દરેક કળાના દ્વાર ખુલતા જાય છે અને તેમાં વસતા પિતૃઓ પોતપોતાના ઘરે આવવા શક્તિમાન બને છે.

ચંદ્રનું આધિપત્ય દૂધ અને ખીરનું રહેલું હોવાથી શ્રાદ્ધ પક્ષમાં દૂધપાક કે ખીરનું મહત્વ વિશેષ છે.

આમ દરેક પિતૃ તેમના નજીકના સ્વજન પુત્ર કે પૌત્રના ઘરે આવે છે અને શ્રાદ્ધ પામી સંતૃપ્ત થાય છે અને આશિર્વાદ આપતા જાય છે જે પરિવાર કુટુંબની ઉન્નતિ કરે છે. જે પિતૃનું શ્રાદ્ધ કરવામાં નથી આવતું તે અતૃપ્ત અવસ્થામાં પાછા જાય છે અને મનોમન ઉદાસ બની જાય છે તેનું વિપરીત પરિણામ કુટુંબને ભોગવવું પડતું હોય છે.

આ અતૃપ્ત પિતૃ ફરી એકવાર અમાવસ્યા ના દિવસે અચૂક પાછા પોતાના સ્વજનના ઘરે આવે છે જેથી તેને આપણે સર્વપિતૃ અમાવાસ્યા કહીયે છીએ. આ દિવસે ભૂલ્યાચૂક્યાં દરેક પિતૃનું શ્રાદ્ધ મહિમા ઘણો છે અને તે અનાયાસે બાકી રહેલા પિતૃઓને સંતૃપ્ત કરવાનો મોકો મળે છે.

આથી દરેક પરિવારે શ્રાદ્ધ કરવું જ જોઈએ તે દિવસે બ્રાહ્મણ, બહેન દીકરી અને ભાણેજોને જમાડી શક્તિમુજબ દક્ષિણા આપવાથી અને કાગવાસ નાખવાથી પિતૃને પહોંચે છે

આ હકીકત શાસ્ત્ર આધારિત છે અને સૌ જન આમાં શ્રધ્ધા રાખી કરે તે માટે તેને શ્રાદ્ધ નામ આપવામાં આવ્યું છે.

સંવત ૨૦૭૮ ના ભાદરવસંવત ૨૦૭૮ ના ભાદરવા સુદ-૧૫ ને શનિવાર તારીખ.૧૦-૯-૨૦૨૨ શ્રાદ્ધનીયાદી

તારીખ.૧૦-૯-૨૦૨૨ ને શનિવાર મહાલયા પ્રારંભ એકમનું શ્રાદ્ધ

તારીખ.૧૧-૯-૨૦૨૨ ને રવિવાર બીજનું શ્રાદ્ધ

તારીખ.૧૨-૯-૨૦૨૨ ને સોમવાર ત્રીજનું શ્રાદ્ધ

તારીખ.૧૩-૯-૨૦૨૨ ને મંગળવાર ચોથનું શ્રાદ્ધ

તારીખ.૧૪-૯-૨૦૨૨ ને બુધવાર પાંચમનું શ્રાદ્ધ,ભરણી શ્રાદ્ધ

તારીખ.૧૫-૯-૨૦૨૨ ને ગુરુવાર છઠ્ઠનું શ્રાદ્ધ, કૃતિકા શ્રાદ્ધ

તારીખ.૧૬-૯-૨૦૨૨ ને શુક્રવાર સાતમનું શ્રાદ્ધ

તારીખ.૧૭-૯-૨૦૨૨ ને શનિવાર કાલાષ્ટમી, મહાલક્ષ્મી વ્રત સમાપ્ત શ્રાદ્ધ નો ખાલી દિવસ

તારીખ.૧૮-૯-૨૦૨૨ ને રવિવાર આઠમનું શ્રાદ્ધ

તારીખ.૧૯-૯-૨૦૨૨ ને સોમવાર નોમનું શ્રાદ્ધ, સૌભાગ્યવતી નું શ્રાદ્ધ

તારીખ.૨૦-૯-૨૦૨૨ ને મંગળવાર દશમનું શ્રાદ્ધ

તારીખ.૨૧-૯-૨૦૨૨ ને બુધવાર એકાદશી-અગિયારસનું શ્રાદ્ધ

તારીખ.૨૨-૯-૨૦૨૨ ને ગુરુવાર બારસનું શ્રાદ્ધ,સંન્યાસીના શ્રાદ્ધ

તારીખ.૨૩-૯-૨૦૨૨ ને શુક્રવાર તેરસનું શ્રાદ્ધ,મઘા શ્રાદ્ધ

તારીખ.૨૪-૯-૨૦૨૨ ને શનિવાર અસ્ત્ર-શસ્ત્રથી અથવા ઘાતથી મૃત્યુ પામેલાનું શ્રાદ્ધ

તારીખ.૨૫-૯-૨૦૨૨ ને રવિવાર અમાસ ચૌદસ-પુનમ-અમાવાસ્યનું શ્રાદ્ધ,સર્વપિતૃ અમાસ,મહાલયા સમાપ્ત

# ‘સો વાર કાશી એક વાર પ્રાચી ‘

## ગિરનારની સમીપે આવેલ પિતૃ તર્પણનું પવિત્ર સ્થાન એટલે પ્રાચી

પ્રાચીનું મહત્વ : પ્રાચીમાં વહેતી ‘ સરસ્વતી નદી પૂર્વ દિશામાં સૂર્યની સામે વહેતી જગતની એક માત્ર નદી છે. અહીંયા ધર્મરાજ યુધિષ્ઠિરએ પિતૃ તર્પણ કર્યું હતું. આ સ્થાને સરસ્વતી નદીમાં સ્નાન કરવાથી અને ધર્મરાજાએ વાવેલ ‘મોક્ષ પીપળા‘ ને પાણી રેડવાથી પિતૃ તર્પણનું કાશી કરતાંય અનંતગણું પુણ્ય પ્રાપ્ત થાય છે. શ્રીમદ્ ભાગવત પુરાણ મુજબ શ્રાદ્ધ કર્મ કે મૃતક પાછળ આત્માની મુક્તિ અર્થે થતા કર્મકાંડ માટેનાં ઉત્તમ સ્થળોમાં પ્રભાસ ક્ષેત્ર સ્થાન પામે છે. આ પ્રભાસ ક્ષેત્રમાં દ્વારકા, સોમનાથ અને પ્રાચી તીર્થનો સમાવેશ થાય છે. પ્રાચી તીર્થમાં આવેલ મોક્ષ પીપળાને પાંડવ પુત્ર ધર્મરાજાએ વાવેલો અને આ પીપળા નીચે ભગવાન શ્રીકૃષ્ણએ યદુકુળનો મોક્ષ કર્યો હતો. આ મોક્ષ પીપળા નીચે શ્રીકૃષ્ણ ભગવાને ઉધ્ધવને છેવટનું જ્ઞાન આપ્યું હતું. શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામ પધાર્યા પછી સરસ્વતી નદીને કિનારે શ્રી માધવરાય સ્વરૂપ પ્રગટ થયા હતા. પ્રાચીમાં દર ભાદરવી અમાસે મેળો ભરાય છે તેમાં હજારો લોકો ‘મોક્ષના પીપળે’ પાણી રેડવા પ્રાચી આવે છે.

‘રમેશચંદ્ર શાસ્ત્રી’

# મંત્રી -બાબુઓની કબડી-ખોખોની મેચ

“અમારી ઈજ્જતનો ફાલુદા ન બનાવો પ્લીઈઈઈઈઝઝઝ” મંત્રીઓ કોરસમાં બોલ્યા.

સાડા ચાર વરસથી અમારી ઈજ્જતનો ફાલુદા અને ન જાણે બીજું બીજું શું બનાવ્યું તેનું શું?” બાબુઓના લીડર પથ્થર જેવા કડક બની ગયા.

“ આપણે એક પરિવારના છીએ. આ આપણા ઘરનો મસલો છે. બહારનાને જાંઘ ન બતાવાય” શાણા મંત્રીએ શાણપચટી બતાવી.

“ ઓહો હો હો!!( સદાબહાર કોમેડિયન રમેશ મહેતા યાદ આવ્યા હશે!!) અત્યારે યાદ આવ્યું? અમે તમને મીરા કે ગોપી બની કાગળિયા લખ્યા. અમારા પગારભથ્થા વધારવા માનસર અરજી કરી, તમને મળવા મંત્રાલયના તળિયા ઘસી નાંખ્યા, આંખો દિવસ રાહ જોવડાવી ના મળ્યા. ત્યારે તમને ખબર ન હતી કે અમે તમારા પરિવારના છીએ??” બાબુઓએ આક્રોશ વ્યક્ત કર્યો.

“ પડતાને પાટુન હોય!! બહાર બીજા લોકોએ મોરચા માંડ્યા છે. તમારે અમને મોરલ સપોર્ટ આપવાનો હોય. રાત થોડીને વેશ ઝાઝા છે. ઉપરથી હાઈ કમાન્ડ અમને લમધારે છે. અમે કયાં જઈએ? એક બાજુ કૂવો તો બીજી બાજુ ખાઈ!! ચૂંટણીની ટિકિટ નક્કી નથી.” મંત્રી સાહેબે પ્રલંબ વિલાપ કર્યો.

“અમે તમને ફૂલ સપોર્ટ કર્યો. આપણે ચૂંટેલી સરકારનો વિરોધ ન હોય બાબુઓના મનમાં ઠસાવ્યું . એક તરફ કાળઝાળ મોંઘવારી ઉપરથી તમે અમારી ઉપેક્ષા કરી. તમને સપોર્ટ કરવામાં અમને શું મળ્યું. બાબાજી કા ઠુલ્લું??” બાબુઓ કાળઝાળ થયા.

“ જુઓ તમને તમારા હક્કના નાણા આપવાના જ છે! અમારે તિજોરી પરનો બોજ જોવો પડે. બીજાનું હિત પણ જોવું પડે!!”મંત્રીએ નાણાકીય ઔચિત્ય અને નાણાકીય શિસ્તના લાળા લાવ્યા.“ અમને સોયની અણી આપો તો બોજ. ધંધાવાળામે એરણ આપો તો બોજ નહીં. અમે રેવડી નથી માંગતા . હક્ક માંગીએ છીએ” બાબુ આગ બબુલા થયા.

“મંત્રાલયના દરવાજે ઉભા ઉભા વાત કરશો? અંદર આવો. બેસવા માટે કુશનવાળી ખુરશી સોફા મંગાવ્યા છે. ઠંડી તર વળી ગયેલી ચાના બદલે ગરમ ગરમ ફળફળતી ચા મંગાવી છે. સાથે ગળ્યા-ખારા બિસ્કિટમાં બદલે ગરમ નાસ્તો મંગાવ્યો છે. કમારા માટે મંત્રાલય સેનેટાઈઝ કરાવ્યું છે. કાર્પટ- કાલીન બિછાવી છે. તમને ગાર્ડ ઓફ ઓનર આપીશું. એકવીસ તોપની સલામી આપીશું. આવું તો સન્માન તમારા સાસરિયામાં પણ નહીં મળતું હોય!!તમે અમારા ભગવાન સમાન છો . અંદર તો આવો. સારામાં સારી ડીલ ઓફર કરીશું. તમારા ભેગી અમારી દિવાળી સુધારો પ્રભુ!!” આમ કહી મંત્રી ગણ બાબુઓના પગમાં પડ્યો. ચહેરા પર કાકલૂદીના ભાવો!!

“ તમે અમને બહુ ખો આપી. અમે અમારા પ્રશ્નોની રજૂઆત કરી તો નાણા અને જીએડીને કેટલાય વિભાગોને ખો આપી અમારો ખો કાઢી નાંખ્યો. હવે અબ કી બાર બાબુ કા પ્રહાર!” બાબુઓ બોલ્યા.

“આપ આવો” મંત્રીઓએ નોંતરાના પેંતરા કર્યા.

“ ઉહું. ઉહું . ના ના નહીં આવું તારી ઓફિસે કોણીએ ગોળ લગાવે હો, કોણીએ ગોળ લગાવે!!” બાબુઓએ કાવ્ય પંકતિ ગાઈ ઈક્રાર કર્યો.ખેંચ પકકડકું જોર આતા હૈ જેવો નાટકીય તાલ!!

“ શેરી વળાવી સજ્જ કરી અરિ આવો રે!!” મંત્રીઓએ ફરી આમંત્રણ પાઠવ્યું.


“ મોંઢાની વાત નહીં. લેખિત આમંત્રણ પત્રિકા મોકલો. અમે વિચારીશું!!” બાબુઓએ સોઈ ઝાટકી કહ્યું!!

“ તમે અમારું નાક દબાવો છો?”

મંત્રી અને બાબુઓની આવો-ઉહુંની કશ્મકશ, રસ્સાખેંચ તુંતું-મેં ચાલું છે. કદાચ ચૂંટણી સુધી ચાલું રહેશે.પછી ચાના કપમાં તોફાનની જેમ શમી જશે.

ભરત વૈષ્ણવ...૧૦.૯.૨૦૨૨.

# અમદાવાદ જિલ્લામાં ૫ હજારથી વધુ રમતવીરો સહભાગી થશે



અમદાવાદ ,

નેશનલ ગેમ્સ- અમદાવાદ જિલ્લો ૩૬મી નેશનલ ગેમ્સના ભાગરૂપે તા.૧૨ થી ૧૬ સપ્ટેમ્બર દરમિયાન અમદાવાદ જિલ્લામાં “Celebrating Unity through Sports” થીમ આધારિત તમામ કોલેજ, યુનિવર્સિટી અને શાળા કક્ષાએ ભવ્ય કાર્યક્રમોનું આયોજન અમદાવાદ જિલ્લામાં ૫ હજારથી વધુ રમતવીરો સહભાગી થશે

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં પ્રથમવાર સપ્ટેમ્બર માસમાં ૩૬મી નેશનલ ગેમ્સ-૨૦૨૨ યોજાનાર છે.૨૯ સપ્ટેમ્બરથી શરુ થનાર ૩૬મી નેશનલ ગેમ્સમાં ૩૬ રાજ્યો અને કેંદ્ર શાસિત પ્રદેશોના રમતવીરો ૩૬ રમતોની સ્પર્ધામાં ભાગ લેનાર છે. સામાન્ય રીતે ૩ થી ૪ વર્ષનો આયોજન સમય માંગી લેતી નેશનલ ગેમ્સ માટે ગુજરાતે માત્ર ત્રણ મહિનાથી ઓછા સમયમાં સફળ આયોજનના પગલે યજમાન પદ મેળવ્યું છે. રાજ્યના અમદાવાદ, સૂરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને ભાવનગરમાં આ નેશનલ ગેમ્સ યોજાનાર છે. આગામી તા.૧૨ થી ૧૬ સપ્ટેમ્બર દરમિયાન યુવાનો—વિદ્યાર્થીઓમાં રમતને વધુ પ્રોત્સાહન મળે તેમજ અન્ય નાગરિકો પણ તેમાં સહભાગી થાય તે હેતુથી નેશનલ ગેમ્સની થીમ “ઝીક્ષ્ીહ્વિક્ષ્ઁહ્પ્લૅહૈંઅંરૅમ્પ્રિર જૅીજિ” આધારિત રાજ્યની તમામ કોલેજ, યુનિવર્સિટી અને શાળા કક્ષાએ ભવ્ય કાર્યક્રમો યોજાનાર છે. અમદાવાદ જિલ્લામાં યોજાનાર કાર્યક્રમોં અંગેનીજાણકારી આપતા જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાગલેએ જણાવ્યું હતું કે, જી.ટી.યુ ખાતે મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતીમાં ૧૨મી સપ્ટેમ્બરના રોજ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં મુખ્ય મંત્રીશ્રી ઉપરાંત અન્ય મહાનુભાવો, ૧૧માં ખેલ મહાકુંભની વિજેતા એવી તાલુકા કક્ષાની ૩ શ્રેષ્ઠ શાળાઓ, જિલ્લા કક્ષાની ૩ શ્રેષ્ઠ શાળાઓ અને રાજ્ય કક્ષાની ૪ શ્રેષ્ઠ ટીમો ઉપરાંત ઈન્ટસ્નેશનલ સોફ્ટ ટેનીસ ખેલાડી શ્રી અનિકેત પટેલ ઉપસ્થિત રહેશે. સમગ્ર જિલ્લામાં આ અભિયાન અંતર્ગત ૫ હજારથી વધુ ખેલાડીઓ સહભાગી થશે.

અમદાવદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલીયાએ જણાવ્યું હતું કે, આ અભિયાન અંતર્ગત જિલ્લામં કબડ્ડી, રસ્સા ખેંચ, બાસ્કેટ બોલ, યોગા, ટેબલ ટેનિસ જેવી રમતોનું નિદર્શન-સ્પર્ધા યોજાશે. આ ઉપરાંત જિલ્લાના ધોળકા, માંડલ અને દસક્રોઈ એમ ૩ તાલુકાની કોલેજ ખાતે કાર્યક્રમો યોજાશે. જ્યારે ૧૪મી સપ્ટેમ્બરે જિલ્લાની તમામ કોલેજો ખાતે અને ૧૫ અને ૧૬ સપ્ટેમ્બરે જિલ્લાની તમામ શાળાઓમાં કાર્યક્રમોનું આયોજન કરાશે.

આ કાર્યક્રમોમાં વિધ્યાર્થિઓ-વાલીઓ, રમતવીરો ઉપરાંત સ્થાનિક અગ્રણીઓ, રમત ગમત સાથે સંકળાયેલી વિવિધ ક્લબો-મંડળોના પ્રતિનિધીઓ, રમતવીરો અને લોકો મોટી સંખ્યામાં જોડાઈને જનભાગીદારી સાથે ઉજવશે.

## નિરાળા

આકાશમાં વાદળા છે,
અંતર મહી ઉછાળા છે.
હવામાં વર્ષાની ઠંડક છે,
કાગડાના પ્રેમચાળા છે.
ટ્રી ગાર્ડે બેયના ધામા છે,
સ્નેહ કામણ નિરાળા છે!
ચુંબનના આંધણ મુક્યા ,
મહોબતના મંગાળા છે.
હર કોઈ હક્ક દાવો કરે છે,
પરસ્પર ક્યાં નિરાળા છે?
ભરત વૈષ્ણવ
૧૦.૯.૨૦૨૨.

# ગુજરાત કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલ અડધો દિવસ બંધને માણાવદર શહેરમાં સારો પ્રતિસાદ મળ્યો

(જીગ્નેશ પટેલ દ્વારા)

છેલ્લા કેટલાક સમયથી મોંઘવારી બેકાબૂ બની રહી છે અને મધ્યમ અને ગરીબ વર્ગને જીવન જીવવું દુશ્કર થઈ રહ્યું છે અને સાથોસાથ ડીઝલ પેટ્રોલના ભાવો આસમાને પહોંચ્યા છે પ્રજા વિરોધી નીતિ તેમજ ડ્રગ્સના કાળા કારોબારથી પ્રજા હેરાન પરેશાન થઈ રહી છે જેને કારણે લોકોને જાગૃત કરાવવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા જે બંધનું એલાન આપવામાં આવેલ હતું તેને માણાવદર શહેરમાં સારો પ્રતિસાદ મળ્યો છે. માણાવદર શહેરના સિનેમા ચોકમાં આજ વહેલી સવારથી જ કોંગ્રેસના આગેવાનો એકઢા થયા જેમાં જુનાગઢ જિલ્લા પંચાયતના સદસ્ય અરવિંદભાઈ લાડાણી, માણાવદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ જીગ્નેશભાઈ છૈયા, માણાવદર શહેર કોંગ્રેસ પ્રમુખ વિજય ઝાટકિયા, પ્રદેશ કોંગ્રેસ અગ્રણી હરિભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ દિલીપભાઈ જસાણી, માણાવદર તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા ધર્મેન્દ્રભાઈ બોરખતરીયા, માણાવદર નગરપાલિકાના સદસ્ય નિશાર ઠેબા, તેમજ કોંગ્રેસના કાર્યકરો પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ધાનેરાના મહેશ્વરી પરિવારને રાજસ્થાનના બાડમેર નજીક અકસ્માત નડ્યો ચારના મોત

પાલનપુર,તા.૧૦

બનાસકાંઠાના ધાનેરાના એક પરિવારને રાજસ્થાનના બાડમેર નજીક અકસ્માત નડ્યો છે. ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા ૪ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે અકસ્માતમાં ૮ વર્ષના બાળકની હાલત ગંભીર જણાતા હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જોકે, ઘટનાની જાણ થતા પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.બનાસકાંઠાના ધાનેરાના મહેશ્વરી પરિવારને રાજસ્થાનના બાડમેર નજીક ગુડા માલાની પાસે અકસ્માત નડ્યો છે. ધાનેરાનો મહેશ્વરી પરિવાર રાજસ્થાનના ભટીયાણી માતાજીના દર્શન કરી ગાડીમાં ધાનેરા પરત ફરી રહ્યો હતો તે દરમિયાન આ ઘટના બની હતી. મહેશ્વરી પરિવાર ઘરે પરત ફરી રહ્યો હતો તે દરમિયાન તેમની કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં પરિવારના ૪ લોકોના મોત થયા છે. જ્યારે એક ૮ વર્ષની બાળકી ઈજાગ્રસ્ત થઈ છે.રાજસ્થાન બાડમેર નજીક ગુડા માલાની પાસે ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા બે મહિલા સહિત ૩ લોકોના ઘટના સ્થળ પર મોત થયા છે. જ્યારે એક મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. તો બીજી તરફ અકસ્માતમાં ઘાયલ થયેલા ૮ વર્ષના બાળકની હાલત ગંભીર જણતા હાલ તેની સાંચોર સરકારી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. જોકે, એક જ પરિવારની ૩ મહિલા અને ૧ વ્યક્તિનું અકસ્માતમાં મોત થતા પરિવાર સહિત ગામમાં શોકનો માહોલ છાવાયો છે.

# નેશનલ ગેમ્સ પૂર્વે શાળા-કોલેજ કક્ષાનો રમતોત્સવ ઉજવાશે, જે.એમ. ચૌધરી કેમ્પસથી થશે શુભ શરૂઆત

તારીખ- ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૨

ગાંધીનગર,

૩૬ના રાષ્ટ્રીય રમતોત્સવનું આયોજન ગુજરાતમાં થવા જઈ રહ્યું છે.

૭ વર્ષ બાદ રાષ્ટ્રીય રમતોત્સવ યોજાવા જઈ રહ્યો છે, જેના ભાગરૂપે તારીખ ૧૨થી ૧૬ સપ્ટેમ્બર વચ્ચે ગુજરાતભરમાં તમામ શાળા કોલેજમાં વિવિધ રમતો માટેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગરના જિલ્લા કક્ષાના કાર્યક્રમનું આયોજન ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ માતૃશ્રી જોઈતીબા ચૌધરી કોલેજ કેમ્પસ ખાતે સવારે ૮.૪૫ કલાકે કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર દક્ષિણ બેઠકના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર ઉપસ્થિત રહેશે તેમજ અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના માન. મેયરશ્રી હિતેષભાઈ મકવાણા, માન. ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, માન. સ્ટે. કમિટીના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ તથા સ્થાનિક નગરસેવકો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ રમતોનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવશે તેમજ ખેલ મહાકુંભમાં વિજેતા થયેલા રમતવીરોનું સન્માન પણ કરવામાં આવશે.

## અંબાજી મંદિરમાં ભક્તોએ માત્ર ચાર જ દિવસમાં રૂ. ૨૪,૪૮,૩૬૦ અર્પણ કર્યા

અંબાજી,તા.૧૦

: યાત્રાધામ અંબાજીમાં બે વર્ષ બાદ ભરાયેલા ભાદરવી પૂનમના મેળામાં લાખો પદયાત્રીઓ અંબાજી પહોંચી રહ્યા છે. ત્યારે માં અંબેનો ભંડાર પણ દાનની રકમથી ભરી દીધો છે. અંબાજી મંદિરના ભંડારામાં યાત્રિકો દ્વારા છુટા હાથે મુકવામાં આવેલ દાન દક્ષિણાની ગણતરી ચુસ્ત બંદોબસ્ત સાથે હાથ ધરવામાં આવી છે.

ભંડાર કક્ષમાં ૧૬ જેટલા ઝઝ્રફ કેમેરાથી ભંડાર ગણતરી ઉપર નજર રખાઈ રહી છે. ત્યારે આજે મેળાનો આજે ૫મો દિવસ છે ને આજે હાથ ધરાયેલી ભંડાર ગણતરીમાં યાત્રિકોએ છુટા હાથે રૂ. ૨૪,૪૮,૩૬૦ ની થવા જાય છે. જોકે મેળા ના ૨-૦૯-૨૦૨૨ ના દિવસે મંદિરમાં છુટા હાથે નાખવામાં આવેલ ભેટની આવક રૂપિયા ૩૯,૭૬,૩૨૫... તા ૦૫-૦૯-૨૦૨૨ના રોજ ૨૬,૭૮,૦૨૫, તા. ૦૬-૦૯-૨૦૨૨ રૂપિયા ૧૪,૦૨,૦૭૦, તા. ૦૭-૦૯-૨૦૨૨ એ ૨૧,૯૪,૨૧૦, તા ૮-૦૯-૨૦૨૨ એ રૂ ૨૨,૦૩,૭૪૦ આમ ભાદરવી પૂનમના મેળા દરમિયાન રૂપિયા ૧,૦૯,૦૨૬,૮૦૫ ની થવા જાય છે, જ્યારે હજી પૂનમની ગણતરી બાકી છે.

# હાર્દિક પટેલ ના ફોટાવાળા ફુલસ્કેપ ના ચોપડા શાળા ના બાળકો ને વિતરણ કરાઈ રહ્યા છે

## હાર્દિકના પત્ની કિંજલ ગામડાઓમાં જઈ વિદ્યાર્થીઓ ને આપે છે,ભાજપના આગેવાનોને બોલાવતા ના હોવાની ચર્ચા



અમદાવાદ,તા.૧૦

પાટીદાર અનામત આંદોલન ના નેતા હાર્દિક પટેલ ભાજપમાં જોડાયા બાદ વિરમગામ વિસ્તારમાં તેમના પત્ની કિંજલ દ્વારા હાર્દિકના ફોટાવાળા ફુલસકેપ ચોપડા વિતરણના શરૂ કરવામાં આવેલા અભિયાન સામે વિરમગામ ભાજપના નેતાઓ ચર્ચા નો વિષય બન્યો છે, જેના કારણે સ્થાનિક નેતાઓએ હાર્દિકની આવી હલચલ સામે પક્ષની નેતાગીરી સુધી રજુઆત કરવાની વ્યૂહરચના ગોઠવી રહયા છે, કે જો હાર્દિક ને વિરમગામ ની ટિકિટ આપવામાં આવશે તો પક્ષ માં ભારે નારાજગી ઉભી થઈ જશે, જેનું નુકશાન ભાજપે ભોગવવું પડી શકે છે.

ગુજરાત માં વિધાનસભા ચૂંટણી નજીક આવતા જ કૉંગ્રેસના પૂર્વ કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલ એ ભાજપ નો ખેસ પહેરી લીધો હતો, ભાજપ પ્રવેશ બાદ હાર્દિક પટેલે વિરમગામ પોતાના વતન ને એપી સેન્ટર બનાવી દીધું છે, અને વિરમગામ વિધાનસભા મતવિસ્તારમાં ગામડે ગામડે પ્રવાસ અને કાર્યક્રમોમાં ખાસ હાજરી આપે છે,એમની સાથે હાર્દિક ના પત્ની કિંજલ પણ વિરમગામ ના ગામોમાં ફરી રહયા છે. અને હાર્દિક પટેલ ના ફોટાવાળા ફુલસ્કેપ ના ચોપડા શાળા ના બાળકો ને વિતરણ કરી રહ્યા છે.

હાર્દિક પટેલના ફૂલ પોઝ વાળા ફુલસ્કેપના ચોપડા પર એવું લખેલું છે કે,આપણે હાર ના માનવી જોઈએ, આ ફુલસ્કેપ ના ચોપડા વિતરણ સ્થાનિક ભાજપમાં વિવાદ અને ચર્ચાનો વિષય બન્યો છે, ભાજપના સ્થાનિક નેતાઓ માની રહયા છે કે, હાર્દિક વિરમગામ થી ચૂંટણી લડવાની તૈયારી કરતા હોય તો એમણે આવા કાર્યક્રમોમાં સ્થાનિક આગેવાનોને સાથે રાખવા જોઈએ, એટલું જ નહીં હાર્દિક પટેલ હવે ભાજપ સાથે જોડાયેલા છે તો ફુલસ્કેપ ચોપડામાં એમની સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ના ફોટા મુકવા જોઈએ,

સાથે સાથે ભાજપ નું કમળ પણ મૂક્યું હોત તો પણ પક્ષ માટે સારું કહી શકાય, પણ હાર્દિક અને તેમની પત્ની વિરમગામના ગામોમાં જાય છે,

અને ભાજપના નેતાઓ સાથે અંતર રાખે છે, અને વિરમગામ ની ટિકિટ માંગશે તો ભાજપના સ્થાનિક નેતાઓ કેવી રીતે એની સાથે ઉભા રહેશે.

# ચાણસ્મા પંથકમાં પવનના સુસવાટા સાથે વરસાદ વરસતાં ધરતીપુત્ર ચિંતિત

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

સમગ્ર ગુજરાત રાજ્યમાં ચોમાસાની ઋતુમાં અંદાજિત ૮૦% જેટલો વરસાદ વરસી રહ્યો છે ત્યારે આજરોજ પણ મેઘરાજાએ કડાકા ભડાકા સાથે વરસાદની એન્ટ્રી કરતાં ખેડૂતોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું.

છેલ્લા કેટલાક વર્ષોથી ચોમાસાની ઋતુમાં મેઘરાજા હાથ તાળી આપીને જતા રહેતા ત્યારે અત્યારે ચાલી રહેલી ચોમાસાની સિઝનમાં ગત દિવસોમાં મેઘરાજા દ્વારા ધમાકેદાર બેટિંગ કર્યા બાદ આજરોજ પણ આગાહીને પગલે પવનના સુસવાટા સાથે વરસાદની માહોલ સર્જાતાં ખેડૂતોના જીવ તાળવે ચોટયા હોય તેવા દ્રશ્ય સર્જાયું હતું. તેમજ સમગ્ર પાટણ જિલ્લાના ધરતીપુત્રો દ્વારા દિવેલા પાકોમાં વાવેતર કરવામાં લેટ પડ્યા હોવાનું પણ સર્જાઈ રહ્યું છે. ત્યારે કપાસના વાવેતરમાં પણ ફૂલ ગરી જવા પામેલ છે. તેમજ કપાસમાં પાણી ભરાતાં કપાસ કહોવાઈ જાય તેમ છે.ખેડુતો ને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે.હવે સરકાર ખેડૂતો ને સહાય કરે તેવું ખેડૂતો ઈચ્છી રહ્યા છે.

# વઢીયાર યુવા સેવા સમિતિ દ્વારા અંબાજી ખાતે જતા પદયાત્રી કો માટે સેવા કેમ્પનું આયોન કરાયું

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

વઢીયાર યુવા સેવા સમિતિ દ્વારા પાલનપુર તાલુકાના ગોળા પાસે સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મકાઈના ડોડા, પૌવા, લીંબુ શરબત, લાઈવ ખમણ, ચા ,મીનરલ પાણી, સેવકો અને મહેમાનો માટે ભોજન, આઈસ્ક્રીમ,આરામની સુવિધા, સ્નાન માટેની સુવિધા, ચાર્જિંગ સુવિધા, મેડિકલ સુવિધા, સહિતની સેવાઓ પૂરી પાડવામાં આવી હતી કેમ્પને સફળ બનાવવા માટે વઢીયાર યુવા સેવા સમિતિ, ક્ષત્રિય ઠાકોર સેના સમી તાલુકો, નાડોદા રાજપુત યુવક મંડળ સમશેરપુરા, નાડોદા રાજપુત યુવક મંડળ રૂપનગર, નાડોદા રાજપૂત યુવક મંડળ અનવરપુરા, ઠાકોર યુવા મંડળ વાવલ, ઠાકોર યુવા મંડળ વરાણા, ઠાકોર યુવા મંડળ ગુજરવાડા, ઠાકોર યુવા મંડળ ચડિયાણા, ભીમનાથ યુવક મંડળ ગાજદીનપુરા, તથા તાલુકાના તમામ ગામોના સેવકો એ ભારે જહેમત ઉઠાવી હતી, કેમ્પની શરૂઆતમાં , પ્રાંગણમાં આવેલ ગોગા મહારાજના મંદિરે શ્રીફળ કરવાનું ભૂલી જતા અનેક મુશ્કેલીઓને સંઘર્ષો વેઠવા પડ્યા એક વસ્તુ લાવીએ ત્યાં બીજી ખુટવા લાગી, રાત્રે મોલ ખોલાવી અને માલ મંગાવો પડ્યો, રોડ ઉપર ઉભો કરે ગેટ ૨૫ કં જેટલી ઊંચાઇએ હતો તેમ છતાં ગાડીવાળા એ ટક્કર મારી અને ૧૦૦ ફૂટ ગેટને ઢસડીને લઈ ગયો ગેટના કુરચા બોલી ગયા, સબનસીબે જાન હાની થઈ નહીં અચાનક શ્રીફળ યાદ આવ્યું બાપાને શ્રીફળ ચઢાવ્યું અને જાણે બધું બદલાઈ ગયું એ પછી ૫૦,૦૦૦ લોકોએ નાસ્તા પ્રસાદ નો લાભ લીધો પણ કોઈ જાતની તકલીફ પડી નહીં, રાત્રિ કાર્યક્રમમાં કુલ ૪૦ થી વધારે કલાકારોએ રમઝટ બોલાવી, કાર્યક્રમને સફળ બનાવવા માટે વઢીયાર પંથકના અનેક મહેમાનો એ કેમ્પની મુલાકાત લીધી અને દાન પણ આપ્યું, કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડપનો ૨,૦૦,૦૦૦ કરતા પણ વધારે નો ખર્ચો માત્ર મજૂરી લઈને પૂરો કર્યો તેવા ભીમનાથ યુવક મંડળના પોપટજી ઠાકોર ભીમનાથ મંડપ ડેકોરેશન નો વિશેષ આભાર તેઓ સતત સાત દિવસ સુધી કેમ્પ સ્થળ ઉપર હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો, મનુભાઈ ઠાકોર નાયકા દ્વારા પોતાના ડાલાની ફ્રી સેવા પૂરી પાડી, ચામુંડા સાઉન્ડ બાસ્પા, અને રીધમ બહુચરાજી વ્યાજબી ભાવે સેવા પૂરી પાડી, કેમ્પ માટે જગ્યા ગોળા ગામે લાટી ચલાવતા વિપુલભાઈ ચૌધરી દ્વારા પાંચ દિવસ લાટી સંપૂર્ણ બંધ કરી સેવામાં સમગ્ર કેમ્પસ બાથરૂમ શહીત પોતાનો બોર , અને મંડપમાં લાઈટ ડેકોરેશન માટે લાઈટ તદ્દન મફત પૂરી પાડી લાઈટ માટે જીઇબી માં અરજી કરતાં ૧,૭૦,૦૦૦ એસ્ટીમેન્ટ ભરવાનુ થતું હતું પરંતુ વિપુલભાઈ ના બોર ઉપરથી કેમ્પસ માટે લાઈટ ડેકોરેશન માટે લાઈટ જયારે તેમના સંબંધી સંગમ પેટ્રોલિયમ દિલીપભાઈ કોરાટ ઢેલાણ એ પોતાના પંપ ઉપરથી એક પણ રૂપિયો લીધા વિના સાઉન્ડ માટે થ્રી ફેઝ લાઈટ પૂરી પાડી, પાંચ દિવસ રસોઈ તદ્દન વ્યાજબી ભાવે અને ઉત્સાહથી બાસ્પા ના સીતારામ ભાઈ સાધુ અને તેમની ટીમ એ સેવા આપી, કેમ્પ સ્થળ શોધી આપવા સહિત કેમ્પ પૂરો થયો ત્યાં સુધી નાની મોટી અનેક મુશ્કેલીઓમાં સતત મદદ કરી ક્ષત્રિય ઠાકોર સેનાના દેવાજી પાલનપુર, ચેહરાજી જલોત્રા, પ્રવીણ જી મોરિયા સહિતના સ્થાનિક લોકોની ખૂબ મોટી મદદ મળી, આશાપુરા હોસ્પિટલ સમી ના ડોક્ટર ભરતભાઈ ચૌધરી મેડિકલ ની તમામ સામગ્રી તદ્દન મફત પુરી પાડી અને પોતાના વ્યસ્ત કાર્યક્રમ માં થી સમય કાઢી સ્પેશિયલ હાજરી આપી તેવા ડોક્ટર ભરતભાઈ ચૌધરી નો વિશેષ આભાર, વિશેષ કેમ્પમાં હાજરી આપી સેવા કરનાર સેવકો, કેમ્પ ની મુલાકાત તથા દાન આપનાર દાતાઓ, કેમ્પમાં સહકાર આપનાર તમામનો દિલથી ખૂબ ખૂબ આભાર ભવિષ્યમાં આથી પણ સારું આયોજન અને સેવાકીય પ્રવૃતિઓ વઢીયારી યુવા સેવા સમિતિ કરતી રહે તેવી શુભેચ્છાઓ

# ચાણસ્મા પંથકમાં શક્તિપીઠ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ભાદરવી પૂનમના રોજ અંબાજી ખાતે મા જગજનની ના ચરણોમાં ભક્તોની ભીડ જામી હતી ત્યારે ભાદરવી પૂનમના રોજ ચાણસ્મા તાલુકાના ખારીઘારીયાલ ગામે શ્રી પીઠાઇ માતાજીના મંદિરે ,રૂપપુર સીકોતર માતાજીના મંદિરે, કંબોઇ ચેહર માતાજીના મંદિરે,ચાણસ્મામાં ગોગા મહારાજના મંદિરે ભાવિક ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. મંદિરો દ્વારા દર્શનાર્થે આવતા માઈ-ભકતો ને ભોજન રૂપી પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. ચાણસ્મા પંથકના શક્તિપીઠ મંદિરમાં માંના ચરણોમાં શિશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી.

## અમદાવાદી ઓ આનંદો...

# અમદાવાદ મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ પૈકી ના ૪૦ કિ.મી ના ૩૨ સ્ટેશનો પર પ્રથમ નોરતાથી મેટ્રો ટ્રેન દોડતી થઇ જાય એવી શક્યતા



**આ રૂટ નીચે મુજબ છે.**

| | | |
|---|---|---|
| વાસણા - મોટેરા રૂટ | ૧૮.૮૯ કિ.મી | ૧૫ સ્ટેશન |
| વસ્ત્રાલ- થલતેજ રૂટ | ૧૪.૫૩ કિ.મી | ૧૩ સ્ટેશન |
| અન્ડર ગ્રાઉન્ડ રૂટ | ૬.૬૦ કિ.મી | ૪ સ્ટેશન |

૧) વાસણા APMC - મોટેરા રૂટ ના ૧૫ સ્ટેશનોમાં

જીવરાજ પાર્ક, રવિનગર, શ્રેયસ, પાલડી, ગાંધીગ્રામ, જુની હાઈ કોર્ટ, ઉસ્માનપુરા, વિજયનગર,વાડજ ,રાણીપ, સાબરમતી રેલવે સ્ટેશન, એઈસી, સાબરમતી અને મોટેરા સમાવિષ્ઠ છે.

આ રૂટના એક છેડેથી બીજા છેડે પહોંચવા માટે ૩૮ મીનીટ નો સમય લાગશે..

૨) વસ્ત્રાલ - થલતેજ રૂટ ના ૧૭ સ્ટેશનોમાં,

થલતેજ ગામ, થલતેજ, દુરદર્શન કેન્દ્ર, ગુરુ કુલ રોડ, ગુજરાત યુનિવર્સિટી, કોમર્સ છ રસ્તા,એસ.પી . સ્ટેડિયમ, જુની હાઈ કોર્ટ, શાહપુર , ઘી કાંટા, કાલુપુર મેટ્રો સ્ટેશન, કાંકરિયા ઈસ્ટ,એપરલ પાર્ક, અમરાઈવાડી, રબારી કોલોની, વસ્ત્રાલ, નિરાંત ચોકડી અને વસ્ત્રાલ ગામ સમાવિષ્ઠ છે.

(અન્ડર ગ્રાઉન્ડ રૂટ માં કાલુપુર, શાહપુર, ઘી કાંટા અને કાંકરિયા ઈસ્ટ એમ ૪ સ્ટેશનો નો સમાવેશ છે )

★ આ રૂટના એક છેડેથી બીજા છેડે જવા માટે ૪૦ મીનીટ નો સમય લાગશે..

★ મહતમ ભાડું ? ૨૫ અને વિવિધ સ્ટેશનો પ્રમાણે ? ૫ ,૧૦,૧૫,૨૦,૨૫ એમ પાંચ ના ગુણાંક માં રહેશે .

★ એક સ્ટેશન થી બીજા સ્ટેશન પહોંચતા માત્ર દોઢ મીનીટ થશે..

★ આ મેટ્રો ટ્રેન માં ત્રણ કોચ રહેશે જેમાં ૧૦૦૦ જેટલા મુસાફરો સફર કરી શકશે અને પ્રતિ કલાક ૮૦ કિમી ની રફતારે દોડશે.

★ દરરોજ અંદાજે સરેરાશ ૪૦ હજાર જેટલા મુસાફરો સફર કરશે .

★ મોટા ભાગના મેટ્રો સ્ટેશન પાસે જગ્યા ના અભાવે પાર્કિંગ ની વ્યવસ્થા નથી.

તે બાબત ધ્યાને લઈ મેટ્રો સ્ટેશન થી મુસાફરોને અન્ય વાહન મળી રહે તે માટે ખાસ ઈ રીક્ષા ની વ્યવસ્થા ગોઠવવાનુ આયોજન છે..

★ઈ રીક્ષા ના માધ્યમ થી મુસાફરો નજીક ના બીઆરટીએસ સ્ટેશન સુધી અવરજવર કરી શકશે..

ઈ રીક્ષાને કારણે પ્રદૂષણ ઘટશે અને રીક્ષા ચાલકો ને રોજગારી પણ મળી રહેશે..

★આ ત્રણ રૂટ ૨૦૨૧ માં શરુ થનાર હતા પરંતુ કોરોના અને કાયદાકીય અડચણો ને કારણે શરુ ન હતા થઈ શક્યા . ત્યાર બાદ ચોમાસા ને કારણે થોડો વિલંબ થવા પામેલ છે.

★હવે CMRS - Commissioner of M^aro Rail Services તરફથી કોચ , ત્રણેય રૂટના ટ્રેક , સ્ટેશન ,, સેફટી સહિતની તમામ બાબતો નું ઈન્સ્પેક્શન પૂર્ણ કર્યું છે અને સેફટી કલીયરન્સ સર્ટિફિકેટ ની રાહ જોવાઈ રહી છે..

જે ૨૦ મી સપ્ટેમ્બર સુધીમાં મળી જાય તો પ્રથમ નોરતે મેટ્રો ટ્રેન શરૂ થવાની પુરી શકયતાઓ છે.

તે જોતાં આ નવરાત્રિ માં અમદાવાદ ના ઉત્સાહી ખેલૈયાઓ. રાસ -ગરબા દાંડીયા રમવા અમદાવાદ ના એક છેડેથી બીજા છેડે વધુમાં વધુ ? ૨૫ ના ભાડામાં ફક્ત ૪૦ મીનીટ માં પહોંચી ને માણી શકશે.

અમદાવાદીઓ આનંદો , મેટ્રો માં સફર કરો

સીટ બેલ્ટ અને હેલ્મેટ માંથી મુક્તિ મેળવો

આગામી ૨૦૨૩-૨૪ સુધીમાં અમદાવાદ થી ગાંધીનગર સુધી ની મેટ્રો ટ્રેન શરૂ થઈ જાય તેવા પણ એંધાણ જણાઈ રહ્યા છે.

જય જય ગરવી ગુજરાત,
મેટ્રે અરુણું પ્રભાત

# ભાદરવી પૂનમના દિવસે અંબાજી, ખેડબ્રહ્મા અને શામળાજીમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા

હિંમતનગર,તા.૧૦

ભાદરવી પૂનમના દિવસે ગુજરાતના વિવિધ મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડે છે. ત્યારે આ વર્ષે પણ અંબાજી, ખેડબ્રહ્મા અને શામળાજીમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા છે. આજના દિવસે લાખો ભક્તો દૂર દૂરથી પગપાળા ચાલીને અંબાજીમાં મા અંબાના દર્શન કરવા આવે છે. ખેડબ્રહ્મામાં પણ વહેલી સવારથી જ માતાના દર્શન માટે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી તો શામળાજી મંદિર પણ ભક્તોમય બન્યું હતું

અંબાજી મંદિરમાં ભાદરવી પૂમનનું ખાસ મહત્વ રહેલું છે. આજના દિવસે લાખો ભક્તો દૂર દૂરથી પગપાળા ચાલીને મા અંબાના દર્શનાર્થે આવ્યા હતાં અને અંબાજીમાં ભાદરવી પૂમનના દિવસે મંગળા આરતીમાં સામેલ થયા હતાં ભક્તો વહેલી સવારથી લાઈનો લગાવીને ઉભા રહી ગયા હતાં અને ભક્તો શ્રદ્ધા ભાવ સાથે મંગળા આરતીમાં જોડાઈ મા અંબાના દર્શન કર્યા હતા. મા અંબાના દર્શન કરીને ભક્તો ધન્ય થયા છે. મા અંબાના ઘોષથી યાત્રાધામ અંબાજી ગુંજી ઉઠ્યું હતું. જેના લીધે અંબાજીમાં યાત્રાળુઓનો ધસારો વધી જતો હોય છે.

અરવલ્લીના યાત્રાધામ શામળાજી ખાતે હજારો ભક્તો ઉમટ્યા પડ્યા હતા.ભાદરવી પૂનમ નિમિત્તે હજારો ભક્તો માના દર્શનાર્થે પહોંચ્યા હતાં. મોડી રાતથી મંદિર પરિસર ભક્તોથી ઉભરાયું હતું. પૂનમ નિમિત્તે દિવસ દરમિયાન હજારોએ ભક્તો દર્શન કર્યા હતાં. ભક્તોનો ધસારો જોતાં મંદિર એક કલાક વહેલું ખોલાયું હતું. ભક્તો શામળિયાના દર્શન કરી ધન્યતાનો અનુભવ કરી રહ્યા છે. જિલ્લા પોલીસ વડાએ પણ સ્ટાફ સાથે પગપાળા આવી દર્શન કર્યા હતા. આવનારું વર્ષ જિલ્લા માટે શાંતિપૂર્ણ જાય તેવી પ્રાર્થના કરી હતી.

ખેડબ્રહ્મામાં નાના અંબાજીમાં વહેલી સવારથી ભક્તોની ભીડ જોવા મળી હતી. પૂનમના દિવસે નાના અંબાજીમાં માતાજીની કમળ પર સવારી નીકળી હતી.

# વડાપ્રધાનશ્રીએ અમદાવાદમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 'સેન્ટર-સ્ટેટ સાયન્સ કોન્ફલેવ'નું ઉદ્દઘાટન કર્યું



વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સેન્ટર સ્ટેટ સાયન્સ કોન્ફલેવનું ઉદ્દઘાટન કરતાં ભારપૂર્વક જણાવ્યું કે, આ કોક્લેવનું આયોજન સબકા પ્રયાસનું સ્પષ્ટ ઉદાહરણ છે. સાયન્સ સીટીમાં યોજાયેલી આ કોંકલેવમાં દેશના વિવિધ રાજયોના સાયન્સ – ટેકનોલોજી મંત્રીશ્રીઓ તથા સચિવો સહભાગી થયા છે.

પ્રધાન મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ૨૧મી સદીના ભારતના વિકાસમાં વિજ્ઞાન એ ઊર્જા સમાન છે, જે દરેક ક્ષેત્રના વિકાસ અને દરેક રાજયના વિકાસને વેગ આપવાની શક્તિ ધરાવે છે, આજે ભારત ચોથી ઔદ્યોગિક ક્રાંતિ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ભારતના વિજ્ઞાન અને આ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. આવી સ્થિતિમાં વહીવટ અને નીતિ નિર્માણમાં લોકોની જવાબદારી નોંધપાત્ર રીતે વધી જાય છે તેમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વિજ્ઞાન એ ઉકેલો, ઉત્ક્રાંતિ અને નવીનતાનો આધાર છે. અને આ પ્રેરણાથી જ આજનો નવો ભારત જય જવાન જય કિસાન, જય વિજ્ઞાન તેમજ જય અનુસંધાન સાથે આગળ વધી રહ્યો છે. ઈતિહાસમાંથી આપણે જે પાઠ શીખી શકીએ છીએ તે કેન્દ્ર અને રાજ્યો બંનેને મદદરૂપ થશે તેનો વિશેષ ઉલ્લેખ કરતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, જો આપણે છેલ્લી સદીના શરૂઆતના દાયકાઓને યાદ કરીએ, તો આપણને ખબર પડે છે કે વિશ્વ કેવી રીતે વિનાશ અને દુર્ઘટનાના સમયગાળામાંથી પસાર થઈ રહ્યંર હતું. પરંતુ તે યુગમાં પણ પૂર્વ હોય કે પશ્ચિમ, દરેક જગ્યાએ વૈજ્ઞાનિકો તેમની મહાન શોધમાં વ્યસ્ત હતા. પશ્ચિમમાં આઈ સ્ટાઈન, ફર્મી, મેક્સ પ્લાક્ર, નીલ્સ બોહર અને ટેસ્લા જેવા વૈજ્ઞાનિકો પોતાના પ્રયોગોથી દુનિયાને ચમકાવી રહ્યા હતા. તે જ સમયગાળામાં, સીવી રામન, જગદીશ ચંદ્ર બોઝ, સત્યેન્દ્રનાથ બોઝ, મેઘનાદ સાહા અને એસ ચંદ્રશેખર સહિત ઘણા વૈજ્ઞાનિકો તેમની નવી શોધો સામે લાવી રહ્યા હતા.

વડાપ્રધાનશ્રીએ પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના તફાવતને રેખાંકિત કર્યો કારણ કે આપણે આપણા વૈજ્ઞાનિકોના કાર્યને યોગ્ય માન્યતા આપી રહ્યા નથી, વડાપ્રધાનએ ધ્યાન દોર્યું કે જ્યારે આપણે આપણા વૈજ્ઞાનિકોની સિદ્ધિઓની ઉજવણી કરીએ છીએ, ત્યારે વિજ્ઞાન આપણા સમાજનો ભાગ બની જાય છે, તે સંસ્કૃતિનો ભાગ બની જાય છે. વડાપ્રધાન શ્રી મોદીએ દરેકને આપણા દેશના વૈજ્ઞાનિકોની સિદ્ધિઓની ઉજવણી કરવા અનુરોધ કર્યો હતો. વડાપ્રધાનએ કહ્યું વૈજ્ઞાનિકો દેશને તેમની ઉજવણી કરવા માટે પૂરતા કારણો આપી રહ્યા છે, તેમણે કોરોના રસી વિકસાવવામાં અને વિશ્વની સૌથી મોટી રસી અભિયાનમાં યોગદાન આપવા માટે ભારતીય વૈજ્ઞાનિકોની ભૂમિકાની પ્રશંસા કરી હતી.વડાપ્રધાનએ પુનરોચ્ચાર કર્યો હતો કે સરકાર વિજ્ઞાન આધારિત વિકાસની વિચારસરણી સાથે કામ કરી રહી છે. ×૨૦૧૪થી વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં રોકાણમાં નોંધપાત્ર વધારો થયો છે. સરકારના પ્રયાસોને કારણે આજે ભારત વૈશ્વિક ઈનોવેશન ઈન્ડેક્સમાં ૪૬મા ક્રમે છે, જ્યારે ૨૦૧૫માં ભારત ૮૧મા ક્રમે હતું." તેમ વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું. તેમણે દેશમાં વિક્રમજનક સંખ્યામાં પેટન્ટ રજીસ્ટર થયાનો સ્વીકાર કર્યો હતો. તેમણે ઈનોવેશનના વાતાવરણ અને વાઈબ્રન્ટ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમની પણ નોંધ લીધી હતી.વડાપ્રધાનશ્રીએ ધ્યાન દોર્યુ હતું કે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા તરફનો ઝોક આપણી યુવા પેઢીના ડીએનએમાં છે. આપણે આ યુવા પેઢીને પૂરી તાકાતથી ટેકો આપવાની જરૂર છે. વડાપ્રધાનશ્રીએ યુવાનોની નવીન ભાવનાને ટેકો આપવા માટે સંશોધન અને નવીનતાના ક્ષેત્રમાં નવા ક્ષેત્રો અને મિશનોની યાદી આપી હતી. તેમણે સ્પેસ મિશન, નેશનલ સુપરકમ્પ્યુટિંગ મિશન, સેમિકન્ડક્ટર મિશન મિશન હાઈડ્રોજન અને ડ્રોન ટેક્નોલોજીના ઉદાહરણો આપ્યા. તેવી જ રીતે દ્વઈ માતૃભાષામાં વિજ્ઞાન અને તકનીકી શિક્ષણ આપીને આને પ્રોત્સાહન આપી રહ્યું છે. વડાપ્રધાનશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ અમૃતકાળમાં ભારતને સંશોધન અને નવીનતાનું વૈશ્વિક કેન્દ્ર બનાવવા માટે આપણે એકસાથે અનેક મોરચે કામ કરવું પડશે. તેમણે વિજ્ઞાન અને ટેકનોલોજી સંબંધિત શોધનને સ્થાનિક સ્તરે લઈ જવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે રાજયોને તેમની સ્થાનિક જરૂરિયાતો અનુસાર સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા જણાવ્યું હતું. વડાપ્રધાનએ ટિપ્પણી કરી હતી કે રાજ્ય સરકારો દ્વારા વધુને વધુ વૈજ્ઞાનિક સંસ્થાઓની રચના અને પ્રક્રિયાઓને સરળ બનાવવા પર ભાર મૂકીને નવીનતાને પ્રોત્સાહિત કરી શકાય છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે રાજ્યોમાં ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં પણ ઈનોવેશન લેબની સંખ્યા વધારવી જોઈએ. તેમણે દરેક રાજ્યને વિજ્ઞાન, નવીનતા અને ટેક્નોલોજી અંગે આધુનિક નીતિ ઘડવા પણ કહ્યું હતું.×સરકાર તરીકે, આપણે આપણા વૈજ્ઞાનિકો સાથે વધુને વધુ સહકાર અને સહયોગ કરવો પડશે, આ એક વૈજ્ઞાનિક આધુનિકતાનું વાતાવરણ બનાવશે .વડાપ્રધાનશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્યોએ રાષ્ટ્રીય સ્તરની ઘણી વૈજ્ઞાનિક સંસ્થાઓ અને રાષ્ટ્રીય પ્રયોગશાળાઓની ક્ષમતા અને કુશળતાનો સંપૂર્ણ લાભ લેવો જોઈએ .

# 'શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ' અંતર્ગત વેદરત્ન આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ અસ્થિ સુમનનું વાત્રક નદી, મોટા દેદરડા - ખેડામાં વિસર્જન



ખેડા,

'શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ' અંતર્ગત સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાર્વભૌમ નાદવંશીય ગુરુ પરંપરાના પંચમ વારસદાર વિશ્વવાત્સલ્યમહોદધિ આચાર્ય સ્વામીજી મહારાજ ખેડામાં પરિવ્રાજક સમ સત્સંગ વિચરણ કરીને હજારો હરિભક્તો પર સંસ્કાર વર્ષા કરીને સત્સંગની હરિયાળી પાથરી છે.

વાત્રક નદી ગુજરાત રાજ્યના સાબરકાંઠા જિલ્લાના અગ્નિભાગમાં વહેતી નદી. તે રાજસ્થાનના ડુંગરપુર જિલ્લામાં ગુજરાતરાજસ્થાન સરહદ પરના ખોખરા નજીક આવેલી ટેકરીમાંથી નીકળે છે. ભાદરવા સુદ પૂનમના પવિત્ર દિવસે અષ્ટોત્તર શતનામ જનમંગલના નામોચ્ચાર સહ પૂજન અર્ચન સુસંપન્ન થયા બાદ પરમ પવિત્ર પુણ્યસલીલા વાત્રક નદીમાં અવિસ્મરણીય દિને વિશ્વવાત્સલ્યમહોદધિ આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજનાં પવિત્ર અસ્થિ સુમન - પુષ્પોનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

વેદરત્ન આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ અસ્થિ સુમન વિસર્જન અવસરે ખેડા જિલ્લાના મોટા દેદરડાથી વહેતી વાત્રક નદીના કાંઠે પ્રાર્થના સભા રાખવામાં આવી હતી. વેદરત્ન આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજનું મહિમા ગાન, ધૂન અને કીર્તન સ્તવન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેઓશ્રીના અનુગામી શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજના આશીર્વાદ પૂર્ણ થયા બાદ મોટેરા સંતો-મહંતો અને હરિભક્તોએ અસ્થિ કુંભનું કંકુ-ચોખા, અબીલ ગુલાલ, પુષ્પોથી વૈદિક મંત્રોચ્ચાર સહ પૂજન અર્ચન કર્યા બાદ સર્વેએ આરતી ઉતારી હતી. જનમંગલના નામ રટણ સહ અને કઠોર હ્રદયે સર્વે સંતો - ભક્તોએ અસ્થિ કુંભને વધાવ્યો હતો. સવારના માંગલિક વાતાવરણમાં સર્વે પૂજ્ય સંતો તથા હરિભક્તોએ વાત્રક નદીના નીરમાં ઊભા રહી વિવિધ સંકલ્પોની પરિપૂર્તિ માટે ×ઓમ શ્રી સ્વામિનારાયણબાપા સ્વામીબાપા ભગવતે નમઃ× મહામંત્રની ધૂન્ય કરી હતી. ત્યાર પછી પરમ પૂજ્ય આચાર્ય સ્વામીશ્રીએ યુગદ્રષ્ટા શ્રી મુક્તજીવન સ્વામીબાપાના બાલ્યાવસ્થામાં અનેકવિધ લીલાઓની સાક્ષી પુણ્યસલિલા વાત્રક સરિતામાં પંચામૃત સ્નાનથી અભિષેક કર્યો હતો. પછી શ્રી હરિકૃષ્ણ મહારાજની દિવ્ય દ્રષ્ટિ દ્વારા અસ્થિ સુમન વિસર્જનના મુખ્ય સંકલ્પ સાથે પરમ પૂજ્ય આચાર્ય સ્વામીશ્રી મહારાજે શ્રી હરિકૃષ્ણ મહારાજની દષ્ટિ કરાવતા વેદરત્ન આચાર્ય સ્વામીજી મહારાજના અસ્થિ સુમનોનો અભિષેક પુણ્યસલીલા વાત્રક નદીમાં કર્યો. સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા સાર્વભૌમ નાદવંશીય પરંપરાના પાદારવિન્દથી પાવન થયેલી વાત્રક નદી ઉત્સાહિત દીસતી હતી. વેદરત્ન આચાર્ય સ્વામીજી મહારાજ એવા પુરુષ હતા કે જેમનું અસ્થિવિસર્જન ચાણોદ, સાબરમતી નદી, મહિસાગર નદી - કડાણા ડેમ, પુણ્યસલીલા ભાગીરથી - ગંગા નદી, માંડવી સમુદ્ર, થેમ્સ રીવર - લંડન, લેઈક ડિસ્ટ્રિક્ટ - યુકે, મોમ્બાસા - હિન્દ મહાસાગર, આફ્રિકા અને સ્વાન રીવર, પર્થ - ઓસ્ટ્રેલિયા, નાયગ્રા - કેનેડા, હડસન રીવર - અમેરિકા વગેરેમાં થયું છે. આમ તો આખા બ્રહ્માંડમાં થાય એવું છે પણ આપણે મર્યાદા પ્રમાણે જ્યાં જ્યાં સગવડ થઈ, અનુકૂળતા થઈ ત્યાં ત્યાં કર્યું છે અને કરવાનું છે. સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણબાપા સ્વામીબાપાને સદ્ધર્મરત્નાકર આચાર્ય સ્વામીજી મહારાજે ધારણ કરેલા એવા એ મહાન પુરુષ હતા.

સં.શિ. શ્રી મુનીશ્વરદાસજી સ્વામી, મહંત

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.